Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ભારત ઈતિહાસ

રેખાલ્શન

ધૂમકેતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

26.95



४९५
96

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या..... ४१ग / १६

पञ्जिका संख्या..... २६०१४

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારત ઈતિહાસ

રેખા દર્શન

ધૂમકેતુ



એક રૂપિયો

સોલ એજંટ

ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ગાંધી રસ્તા, અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક :
ગૌરીશંકર ઓચરછનરામ જોશી :
આનપુર..... અમદાવાદ.

[પહેલી આવૃત્તિ]

[સર્વ પ્રકારના હક્ક લેખકને સ્વાધીન]

મુદ્રક :
મણિલાલ કલ્યાણદાસ પટેલ,
સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ,
પાંચકૂવા દરવાજા બહાર,
કુવારા સામે, અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ * *

૧ ભગવાન બુદ્ધ ૧
૨ ભગવાન કૌટિલ્ય ૧૧
૩ અશોક ૨૦
૪ હર્ષ રાજા ૨૭
૫ યશોવર્મા ૩૪
૬ શંકરાચાર્ય ૩૭
૭ રઝિયાબેગમ ૪૨
૮ હરિહર બુક્કારાય–બે ભાઈઓ . ૪૬
૯ કબીર ૫૦
૧૦ નાનક ૫૩
૧૧ બાબરનો પુત્રપ્રેમ ૫૭
૧૨ અકબર બાદશાહ ને રાણો પ્રતાપ . . ૬૧
૧૩ તાજમહાલ ૬૭
૧૪ શિવાજી ૬૯
૧૫ ગુરુ ગોવિંદસિંહ ૭૮
૧૬ રામશાસ્ત્રી ૮૧
૧૭ હૈદરઅલી ૮૪
૧૮ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ . . . ૮૬
૧૯ દાદાભાઈ નવરોજી . . . ૯૧
૨૦ તિલક મહારાજ ૯૩
૨૧ ગાંધીજી ૯૫

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

● ભારતનું ઇતિહાસદર્શન છેક શિશુ વયથી માંડીને, કિશોરો કુમારો અને પ્રૌઢો સુધી પહોંચાડવાની એક વિકાસક્રમી યોજના છે, તેમાં આ પુસ્તિકા પ્રગટ કરી છે. બીજી વધુ પુસ્તિકાઓ આવે છે. આના પછી **'ભારતની ઇતિહાસ-કથાઓ'** **'ભારતવર્ષનો ઇતિહાસ'** વગેરે પ્રગટ થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારત ઇતિહાસ
રેખાદર્શન
[જીવનચરિત્રો ને પ્રસંગો]

[પુસ્તક પહેલું]

ધૂમકેતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાન બુદ્ધ

આખી દુનિયામાં સૌથી ઊંચામાં ઊંચો પર્વત હિમાલય. તે આપણા દેશમાં આવ્યો. આ હિમાલય પાસે નેપાલદેશ આવ્યો. અઢી હજાર વરસ પહેલાં ત્યાં એક નગર હતું. એનું નામ કપિલવસ્તુ.

કપિલવસ્તુમાં રાજા શુદ્ધોદન રાજ કરે. રાજાને બે રાણી. એકનું નામ માયાદેવી. બીજીનું નામ મહાપ્રજાપતિ.

હવે એક વખત માયાદેવી પોતાને પીયર જાય. ત્યાં જંગલમાં એમને પુત્ર જન્મ્યો. એ જંગલનું નામ લુમ્બિનીવન. લુમ્બિનીવનમાં માયાદેવીને પુત્ર જન્મ્યો છે, એ વાત રાજાને કાને આવી. એટલે મા દિકરાને બન્નેને કપિલવસ્તુમાં પાછા લાવ્યા. પુત્રના જન્મથી સૌને આનંદ થયો. એનું નામ સિદ્ધાર્થ પાડયું.

એ વખતે ત્યાં એક ઋષિ ફરતા ફરતા આવ્યા. એનું નામ અસિતમુનિ. અસિતમુનિને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાએ પૂછયું કે 'હે મહારાજ! આ મારો પુત્ર કેવો થશે તે કહો.'

અસિતમુનિએ કહ્યું : 'હે રાજા! આ તમારો પુત્ર આખી દુનિયામાં નામ કાઢશે. એ આખી દુનિયાને સારો રસ્તો બતાવશે. પણ એ સાધુ થશે. રાજા નહિ થાય!'

સિદ્ધાર્થનું બીજું નામ ગૌતમ પણ છે. ગૌતમને મૂકીને માતા માયાદેવી સાતમે દિવસે મરણ પામ્યાં. પછી એને માતા મહાપ્રજાપતિએ ઉછેરીને મોટો કર્યો.

રાજા શુદ્ધોદનને ચિંતા થાય. 'કુંવર રાજ નહિ કરે.' એ વચન એને સાંભર્યાં કરે. એણે કુમારને પ્રેમથી ઉછેરવા માંડયો. એક કરતાં એક ચડે એવા ત્રણ મહેલ બંધાવ્યા. એનું રહેવાનું એ મહેલમાં રાખ્યું. ઊંચા પ્રકારનાં કપડાં એને પહેરાવે. એના મહેલમાં રાત દિવસ રમતગમત થાય. ગાનતાન ચાલે. ગૌતમ બધા મિત્રો સાથે આનંદ કર્યા કરે. ત્યાં કોઈ ચીજની ખામી નહિ. પાણી માગે ત્યાં દૂધ આવે!

રાજાને એમ કે આવી રીતે ગૌતમ મોજ શોખમાં પડી જાશે તો પછી એ સાધુ કયાંથી થશે?

એમ કરતાં કરતાં સિદ્ધાર્થ તો મોટો થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વખત એ નગરમાં ફરવા નીકળ્યો. ધીમે ધીમે એનો રથ ચાલે છે. આખે રસ્તે રાજાએ સુગંધી પાણી છાંટ્યા છે. એ રસ્તે કયાંય કોઈ દુઃખી, ભીખારી, રોગી, રહેવા દીધો નથી. એવી કોઈ દુઃખની વાત ગૌતમને કાને આવવા દેવાની નથી !

ગૌતમનો રથ ચાલ્યો જાય છે, ત્યાં રસ્તામાં એક રોગી ડોસો દેખાયો. એ શરીરે બેવડ વળી ગયો હતો. માંડ માંડ લાકડીને ટેકે એ ચાલતો હતો. સૌની નજર ચુકાવીને એ આ રસ્તે આવી ગયેલો.

ગૌતમે સારથીને પૂછ્યું : 'છન્ન ! આ માણસ કોણ છે ? કેમ આમ વાંકો ચાલે છે ?'

છન્ને કહ્યું : 'કુમાર ! એ ઘરડો માણસ છે. એને ઘડપણ આવ્યું છે. એ ચાલી શકતો નથી.'

ગૌતમે કહ્યું : 'છન્ન ! આ ઘડપણ શું છે ? એ સૌને આવે ? તું તો ઘરડો નહિ થાય નાં ?'

છન્ને હસીને કહ્યું : 'મહારાજ ! ઘડપણ બધાને આવે ! મને પણ આવે !'

'ઘડપણ બધાને આવે ? તો તો મને પણ આવશે ?'

'હા, મહારાજ ! સૌને આવે !'

ગૌતમ તો વિચારમાં પડી ગયો. એને ખબર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ કે શરીર આમ બેવડ થઈ જાય છે! એને તો એમ હતું કે સૌ મજા જ કરે છે!

રથ આગળ ચાલ્યો. પણ તે દિવસે કોઈને કોઈ માણસ ધ્યાન ચૂકાવીને એ રસ્તે દેખા દેતો જણાયો. એક રોગી દેખાયો.

ગૌતમને નવાઈ લાગી. શરીરને રોગ પણ થાય!

વળી આગળ જતાં એક માણસનું મુડદું તેના જોવામાં આવ્યું! છન્ને કહ્યું કે એ માણસ મરણ પામ્યો છે. હવે એ ફરીને દેખાશે નહિ!

ગૌતમને, તે દિવસથી જ મનમાં વિચાર આવવા લાગ્યા. બધે દુઃખ છે. બધે રોગ છે. માણસ મરણ પામે છે. મોટો રાજા હોય તો પણ ઘરડો થાય છે. રોગી થાય છે. દુઃખી થાય છે. મરણ પામે છે.

એ વિચાર કરવા લાગ્યો: 'આવું દુઃખ શી રીતે ન થાય?'

રાજા શુદ્ધોદન એની બરાબર સંભાળ રાખતો હતો. એટલે ગૌતમની આ વાત એના જાણવામાં આવી ગઈ.

એણે જાણ્યું કે કુંવર દુનિયા છોડી દેશે. એને પરણાવી દઈએ. એટલે એનું મન આવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર ન કરે !

ગૌતમ, યશોધરા નામે રાજકન્યાને પરણ્યો. સૌને લાગ્યું કે હવે એની વાત એ ભૂલી જશે.

પણ ગૌતમને તો રાત દિવસ એ જ વિચાર આવ્યા કરે. 'માણસોને દુઃખ ન હોય એવું શી રીતે થાય ?'

એ રાજકુમારનાં કામ કરે છે. શિકાર કરવા જાય છે. પણ હરણને જોઈને એનું તીર એમ ને એમ હાથમાં રહી જાય છે ! તીર એનાથી છૂટતું નથી. એને વિચાર આવે છે : 'આને હું શું કરવા દુઃખ આપું ? એ મારી પાસે આવે. હું એની પાસે જાઉં. એને દુઃખ ન થાય, એવું શી રીતે થાય ?'

એ પંખીને જુએ. પણ તીર છોડીને એને ઘાયલ કરતાં એનો જીવ ન ચાલે !

સૌ બોલે : 'આ શિકાર કેવો ? રાજકુમાર ગૌતમ તો કોઈને મારી શકતા પણ નથી ! આવાં ધનુષબાણ શું કામનાં ?' ગૌતમ જવાબ આપે કે આપણે કોઈને દુઃખ આપવું નથી.

એમ કરતાં કરતાં પછી તો ગૌતમનું મન રાજકાજમાંથી ઊઠી ગયું.

એક વખત એ મધરાતે જાગ્યો. આકાશમાં તારા હતા. રાત બહુ સુંદર ને શાંત લાગતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્યાંયથી કાંઈ અવાજ આવતો ન હતો.

આજે જ મહેલમાંથી સમાચાર મળ્યા હતા, કે યશોધરાને પુત્ર જન્મ્યો હતો. પાસેના જ મહેલમાં મા દીકરો અત્યારે સૂતાં હતાં. ગૌતમને આ વખતે સંસાર છોડી દેવાનું મન થઈ આવ્યું.

એને એક ઇચ્છા થઈ. જતા પહેલાં પોતાનો કુંવર કેવો છે એ જોવાની. એ ધીમે પગલે ત્યાં ગયો. કુંવરને એક વખત તેડી લેવાનું મન થયું. પણ એમ કરવા જાય–ને યશોધરા જાગે તો? એનો હાથ કુંવર ઉપર હતો. મા દીકરો સૂતાં હતાં. યશોધરા જાગી જાય તો કાંઈ એને સાધુ થવા દે?

એણે પોતાની ઇચ્છાને દબાવી દીધી. કુંવરને જોઈને બારણા પાસેથી જ પાછો ફરી ગયો. કોઈને ખબર ન પડે તેમ મહેલમાંથી બહાર નીકળી ગયો. એનો સારથી છન્ન, નગર બહાર, ઘોડો લઈને ઊભો હતો. એના ઘોડાનું નામ કંથક.

કંથક ઉપર સવાર થઈને ગાતમ ચાલ્યો નીકળ્યો. રસ્તે સવાર થયું. ત્યાં કપડાં કાઢીને ભીખારીને આપી દીધાં. કંથકને લઈને છન્નને પાછા જવાનું કહ્યું. ઘરેણાં, એને આપી દીધાં. પછી એ સંન્યાસી થઈને એકલો આગળ ચાલી નીકળ્યો!

પણ એ કયાં જતો હતો? એને શું કરવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું ? એના મનમાં એક જ વાત હતી. કોઈને કાંઈ દુઃખ ન હોય એવી વાત એને શોધવી હતી. એ વાત કોઈની પાસે હોય તો એને મેળવવી હતી. કોઈની પાસેથી ન મળે તો પોતાને શોધવી હતી.

એ વાત એણે શોધી કાઢી. ત્યારે એનું નામ ભગવાન બુદ્ધ પડ્યું.

ભગવાન બુદ્ધે સૌને પ્રેમની વાત કહી. 'કોઈને દુઃખ દેવું નહિ. જે કોઈને દુઃખ દેતો નથી, તે ધર્મ જાણે છે. જે કોઈને દુઃખ દેતો નથી, તેને દુઃખ થતું નથી.'

પછી એ રાજા બિંબિસારના નગરમાં ગયા. એ નગરીનું નામ રાજગૃહ.

ભગવાન બુદ્ધ રાજા બિંબિસારના નગરમાં આવ્યા. ત્યાં એક યજ્ઞ થાય. યજ્ઞમાં હોમવા માટે રાજાએ પશુ લેગાં કર્યાં હતાં. પશુઓને યજ્ઞમાં હોમવાથી પુણ્ય થાય, એમ લોક માનતા. રાજા પણ એ માનતો.

ભગવાન બુદ્ધ ત્યાં આવ્યા.' કોઈને પણ દુઃખ દેવામાં અધર્મ છે. પછી પશુ હોય, પંખી હોય, જીવજંતુ હોય. દુઃખ દેવામાં પુણ્ય શી રીતે હોય?'

ભગવાન બુદ્ધના ઉપદેશથી એ બધાં પશુ મરતાં બચ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાન બુદ્ધે આ પ્રમાણે દયાધર્મ ફેલાવ્યો. એ ધર્મ બૌદ્ધધર્મ કહેવાયો.

ભગવાન બુદ્ધે ફેલાવેલો એ ધર્મ આજે પણ ઘણાં માણસો પાળે છે.

કોઈને દુઃખ ન આપો. કોઈનું મન પણ ન દુભાવો. કોઈને ખરાબ વેણ ન કહો. કોઈને અન્યાય ન કરો.

આ વાત બૌદ્ધધર્મની છે. એ જ વાત બધા ધર્મની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાન કૌટિલ્ય

ગ્રીસ દેશમાં એક રાજા થઈ ગયો. એનું નામ ફીલીપ. ફીલીપ રાજાને એક પુત્ર હતો. એનું નામ અલેકઝાંડર. એને સિકંદર પણ કહે છે.

આ અલેકઝાંડરની નાનપણની એક વાત છે. એક વખત ફીલીપ રાજા પાસે એક સોદાગરે એક સુંદર ઘોડો આણ્યો. ઘોડો ઘણો દેખાવડો અને તેજસ્વી. રાજાને એ ગમી ગયો. એણે તરત એ ખરીદી લીધો.

પછી આ ઘોડાને સવારી માટે તૈયાર કરીને બહાર લાવવામાં આવ્યો.

પણ ઘોડો કોઈને સવારી કરવા દે નહિ! કોઈ સવારી કરવા જાય તો ચારે પગે ઉછળે.

સરદારોમાંથી એક પછી એક સૌ પોતપોતાની હોશિયારી બતાવવા માટે આગળ આવ્યા. પણ ઘોડાએ કોઈને સવારી કરવા દીધી નહિ.

નાનકડો રાજકુમાર અલેકઝાંડર ઊભો ઊભો આ જોયા કરે. એ બોલ્યોઃ 'આ ઘોડા ઉપર સવારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાની કોઈની હિમ્મત ચાલતી નથી કે શું ? ઘોડો તો સરસ છે !'

રાજા ફીલીપે એ સાંભળ્યું. રાજકુમારની ટીકા કરવાની રીત એને ગમી નહિ. એણે કહ્યું: 'ત્યારે ભાઈ ! તું જ એના ઉપર સવારી કરીને તારી હિમ્મત બતાવને !'

અલેકઝાંડર તરત ઘોડા પાસે ગયો. જઈને એણે પહેલાં તો ઘોડાને શાંત કરવા માટે જરા હેતથી થાબડ્યો. ધીમે ધીમે ઘોડો, શાંત થયો. રાજકુમારે ઘોડાની બારીક પરીક્ષા કરી. એને લાગ્યું કે ઘોડામાં કાંઈ ખોડ નથી. પણ એ પોતાના પડછાયાથી ભડકે છે; એટલે સવારી કરનાર આવે છે ત્યારે એ ચારે પગે ઉછળે છે !

એણે ઘોડો ઊભો હતો, એ દિશા તરત ફેરવી નાખી. ઘોડો પોતાનો પડછાયો જોઈ શકયો નહિ ! ભડકતો બંધ થયો.

પછી રાજકુમાર ધીમેથી ઘોડાની પાસે ગયો. ઘોડો હવે શાંત જ ઊભો રહ્યો !

અલેકઝાંડરે એના ઉપર સવારી કરી. એને ચારે તરફ ફેરવી લાવ્યો ! રાજકુમારની આ ચાતુરી જોઈને પિતાએ એને હેતથી કહ્યું: 'ભાઈ ! તારે માટે મારું રાજ બહુ નાનકડું પડશે. તું તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુનિયા જીતશે !'

પિતાના એ શબ્દો સાચા પડ્યા. આ અલેકઝાંડર મોટો થતાં, ગ્રીસ દેશમાંથી એક મોટું સૈન્ય લઈ ને, ખરેખર દુનિયા જીતવા નીકળ્યો !

આ વાત આજથી બાવીસસો વર્ષ પહેલાંની. આંહીં ભારતદેશમાં પણ એ આવ્યો હતો. એ વખતે એને આંહીં પ્રવેશ કરતો અટકાવવા માટે પંજાબનો પોરસ રાજા બહાદુરીથી એની સામે થયો હતો. સિંધુ નદીને કિનારે બન્નેનાં સૈન્ય સામસામે પડ્યાં હતાં. રાતને વખતે અલેકઝાંડરે સાહસ કર્યું. પોતાનું સૈન્ય નદી પાર આણ્યું.

પોરસને એ ખબર પડી. અને એક મોટી લડાઈ થઈ. એ લડાઈમાં જો કે પોરસ રાજા હાર્યો, પણ તેણે બતાવેલી બહાદુરીથી સિકંદરનું તેના પ્રત્યે માન વધ્યું. તેણે તેને પૂછ્યું કે તમે કેદી છો, મારે તમારી પ્રત્યે શી રીતે વર્તવું ?

પોરસે હિમ્મતથી જવાબ આપ્યોઃ 'રાજા તરીકે !' સિકંદરે એને એનું રાજ પાછું આપ્યું. પોરસ રાજાનો હાથી બહુ વફાદાર હતો. પોરસ રાજા જ્યારે ઘાયલ થયો ત્યારે એણે એને બાળવી લીધો હતો.

આ સિકંદર પછી પોતાને દેશ પાછો ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ્તામાં જ એ મરણ પામ્યો. એનું રાજ, એના એક સરદારને મળ્યું. સરદારનું નામ સેલ્યુકસ.

પોતાને હિંદમાં મળેલ રાજનો સેલ્યુકસે બંદોબસ્ત કર્યો. પણ એને આંહીં એક રાજા સાથે લડવું પડ્યું.

એ રાજા તે ચંદ્રગુપ્ત મૌર્ય. એ મગધ દેશનો રાજા હતો. એની રાજધાનીનું નગર પાટલિપુત્ર. પાટલિપુત્ર એટલે હાલનું પટણા. એ બિહારપ્રાંતમાં છે. બિહાર પ્રાંતને એ વખતે મગધ કહેતા.

આ ચંદ્રગુપ્ત તે પહેલાં પણ સિકંદરને મળ્યો હતો. તે વખતે એ તક્ષશિલામાં ભણતો. તક્ષશિલામાં દેશવિદેશથી સેંકડો વિદ્યાર્થીઓ આવે. ચંદ્રગુપ્તના ગુરુનું નામ વિષ્ણુગુપ્ત. એનું જ બીજું નામ ભગવાન કૌટિલ્ય. ચાણુક્યના નામથી પણ એ પ્રસિદ્ધ છે.

આ ચંદ્રગુપ્ત તક્ષશિલામાંથી ભણીને પાછો આવ્યો. એ વખતે પાટલીપુત્રમાં મહાપદ્મનંદ રાજા રાજ કરે. આ મહાપદ્મને બે રાણી. એકનું નામ મુરા. બીજીનું નામ સુનંદા. મુરા જાતે શુદ્ર હતી. ચંદ્રગુપ્ત આ મુરાનો પુત્ર હતો. માટે એ ચંદ્રગુપ્ત મૌર્ય કહેવાયો. મુરાનો પુત્ર તે મૌર્ય. બીજી રાણી સુનંદાને આઠ પુત્રો. તે નંદ કહેવાતા. આ આઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજકુમારો, ને એનો પિતા મહાપદ્મ, એ નવનંદનું પાટલીપુત્રમાં જોર. ચંદ્રગુપ્ત બધા ભાઈઓમાં સૌથી મોટો. રાજનો એ વારસ. પણ એની મા શુદ્ર. એટલે કોઈ એને ગણે નહિ. હવે એક વખત આ નંદરાજાએ વિષ્ણુગુપ્તનું અપમાન કર્યું. તેમાંથી કલહનો અગ્નિ પ્રગટ્યો.

રાજસભામાં એક વખત વિદ્વાન બ્રાહ્મણોને બોલાવવામાં આવ્યા હતા. સૌથી વિદ્વાન ને શ્રેષ્ઠ હોય તેને માટે એક અનોખું આસન રાખવામાં આવ્યું હતું.

વિષ્ણુગુપ્ત ત્યાં આવ્યો. તેને ખબર હતી કે પોતાના જેવો કોઈ વિદ્વાન રાજદરબારમાં નથી. એટલે દરબારમાં આવીને એ પહેલા આસન ઉપર બેઠો.

એટલામાં રાજા, રાજકુમારો, રાજઅધિકારીઓ સૌ આવ્યા.

કોણ શ્રેષ્ઠ બ્રાહ્મણ છે એ હજી નક્કી કરવાનું હતું. ત્યાં ચાણક્યને બેઠેલો જોઈને સૌએ એને ઉઠી જવાનું કહ્યું.

ચાણક્ય બેઠો ન થયો. પણ એણે વિનયથી કહ્યું : 'મહારાજ ! હું સૌથી પ્રથમ સ્થાને બેઠો છું, તે મારી લાયકાત છે માટે. હું એ માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરીક્ષા આપવા તૈયાર છું. ગમે તે વિદ્વાન મારી સામે આવે !'

પણ નંદરાજાને એની આ ન્યાયની વાત રૂચી નહિ. તેણે તો એને પ્રથમ સ્થાન છોડી દેવાનું કહ્યું.

ચાણક્યે પહેલાં તો વિવેકથી કહ્યું : 'મહારાજ ! હું આ પ્રથમ સ્થાન માટે લાયક છું, તે સિદ્ધ કરી બતાવું. ગમે તે વિદ્વાનને શાસ્ત્રાર્થ માટે મોકલો !'

પણ રાજાએ અને રાજઅધિકારીએ તે માન્યું નહિ : તેમણે સત્તાથી કહ્યું : 'પહેલાં સ્થાન છોડી દો. પછી વાત કરો !'

ચાણક્યે કહ્યું : 'હું જ શ્રેષ્ઠ છું. હું સ્થાન નહિ છોડું !'

'છોડો છો કે નહિ ?' અધિકારીઓએ ગર્જના કરી.

કૌટિલ્યે દૃઢતાથી જવાબ વાળ્યો : 'ના.'

'તો અમે પરાણે છોડાવીશું !'

કૌટિલ્યે કહ્યું : 'હું મારી મેળે મારું ખરું સ્થાન નહિ છોડું. હું ગમે તે વિદ્વાનને ઉત્તર આપવા તૈયાર છું. પરીક્ષામાં હું નિષ્ફળ નીવડું તો તમે મને ગમે તે સજા કરજો. બાકી, તમારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવાથી, હું મારું સ્થાન નહિ છોડું. હું જ બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ છું. અને હું જ સૌથી મોટો વિદ્વાન છું. પરીક્ષા લ્યો!'

નંદ રાજાએ હુકમ કર્યો: 'ચોટલી ઝાલીને એને ઉઠાડી મૂકો.'

કૌટિલ્યને પરાણે ઉઠાડી મૂકવામાં આવ્યો. એને એ અપમાન આકરું લાગ્યું. એણે એ જ વખતે પ્રતિજ્ઞા લીધી કે 'આ રાજા અન્યાયી છે. એણે મારી આ ચોટલી આજે છૂટી કરાવી છે. એનું મૃત્યુ થાશે ત્યારે જ હવે એ બંધાશે!'

અને આ વિષ્ણુગુપ્તે એ પ્રતિજ્ઞા પાળી બતાવી. એણે પોતાના શિષ્ય ચંદ્રગુપ્તને તૈયાર કર્યો.

ચંદ્રગુપ્તને તૈયાર કરી તેણે પાટલીપુત્ર ઉપર હલ્લો કરાવરાવ્યો.

પણ નંદરાજા પાસે એક બહુ જ વિશ્વાસુ મંત્રી હતો. તેનું નામ રાક્ષસ. ચાણક્યની એવી ઈચ્છા હતી કે આ રાક્ષસને મેળવી લેવો. જેમ એ નવ નંદની સેવા કરતો હતો, તેમ ચંદ્રગુપ્તની સેવા કરે. તો રાક્ષસની બુદ્ધિનો ચંદ્રગુપ્તને લાભ મળે. ખરી રીતે એ રાક્ષસ જ મંત્રીપદને યોગ્ય હતો. પોતે નહિ!

પણ જ્યારે નંદરાજા હાર્યો ને માર્યો ગયો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે વખતે આ રાક્ષસ ભાગી ગયેા.

તેમ જ નંદરાજાનેા પિતા પણ ભાગી છૂટચેા.

આ વૃદ્ધ રાજા અને આ મંત્રી રાક્ષસ, એ બન્ને ભેગા થઈને, પાછા રાજ લેવાની ખટપટ કરી શકે.

એટલે ધીમે ધીમે ચાણક્યે મંત્રી રાક્ષસને પણ મેળવી લીધેા !

એ કામમાં એને ઘણી જ મહેનત પડી. પણ મંત્રી તરીકે તેા રાક્ષસ જ હેાય, એ વાત ચાણક્ય ભૂલ્યેા ન હતેા. એવી એની ન્યાયબુદ્ધિ હતી.

ચંદ્રગુપ્ત એ પ્રમાણે મગધદેશનેા રાજા થયેા. જ્યારે સેલ્યુકસ આંહીં આવ્યેા, ત્યારે આ ચંદ્રગુપ્ત મગધનેા રાજા હતેા. ને વિષ્ણુગુપ્ત મંત્રી હતેા. એ જ ભગવાન કૌટિલ્ય.

ભગવાન કૌટિલ્યનું એક પુસ્તક આજ પણ વાંચવા મળે છે. તે સંસ્કૃતમાં લખાયું છે. એનું નામ અર્થશાસ્ત્ર. અર્થ એટલે તેા પૈસેા. પણ એ પુસ્તકમાં માત્ર પૈસાની વાત નથી. એમાં તેા રાજ કેમ ચલાવવું તેની વાત પણ આપી છે. બીજી પણ અનેક વાતેા એમાં છે.

જ્યારે ભગવાન કૌટિલ્યને ખાત્રી થઈ કે હવે ચંદ્રગુપ્ત બરાબર રાજ ચલાવી શકશે, રાક્ષસ જેવેા વિશ્વાસુ એનેા મંત્રી છે, ત્યારે એણે પેાતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી સંન્યસ્ત લીધું. ને પોતાનું બાકીનું આયુષ ઈશ્વરધ્યાનમાં ગાળ્યું.

ચંદ્રગુપ્ત રાજાના દરબારમાં એક એલચી રહેતો હતો. એલચી એટલે વકીલ. આ વકીલ ગ્રીસદેશના રાજા સેલ્યુકસનો હતો. એનું નામ મેઘાસ્થિનીસ.

તે વખતની ઘણી વાતો એણે નોંધી છે. એમાંથી ખબર પડે છે કે પાટલીપુત્ર નગર જેવું તેવું ન હતું. નવ માઈલ એ લાંબું હતું. એને કોટ હતો. કોટને ફરતી ખાઈ હતી. આ ખાઈમાં નિરંતર પાણી રહેતું. તે ખાઈ લગભગ ૩ માઈલ પહોળી હતી. નગરના કોટને ચોસઠ દરવાજા હતા. પાંચસો સીત્તેર બુરજ હતા. નગરની ચારે તરફ ફુલવાડીઓ હતી. તળાવો હતાં.

આ તો વર્ષો પહેલાંની વાત થઈ!

આ જ તો એના કોઈ રડ્યાખડ્યા પથરા ત્યાં પડ્યા હોય તો!

આજથી બે હજાર વર્ષ પહેલાં આ નગરી હતી. તે વખતની ઘણી વાત મળી આવી છે. એ સાંભળીને આજ પણ આપણને આનંદ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અશોક

ચંદ્રગુપ્ત પછી એનો પુત્ર બિંદુસાર ગાદી ઉપર આવ્યો. બિંદુસાર પછી અશોક રાજગાદીએ આવ્યો.

પહેલાં એ તક્ષશિલામાં સુબા તરીકે રહ્યો હતો. ઉજ્જેનમાં પણ એ આવ્યો હતો. ઉજ્જેનમાં આવ્યો ત્યારે ગુજરાત ઉપર ને સૌરાષ્ટ્ર ઉપર એની દેખરેખ રહેતી. એના વખતમાં જૂનાગઢ પાસે એક મહાન તળાવ બંધાયું હતું. તેનું નામ સુદર્શન તળાવ. એ તળાવના કેટલાક ભાગ હજી પણ દેખાય છે!

અશોકરાજાએ મોટી શિલાઓ ઉપર લેખો લખાવ્યા છે.

એવો એક લેખ આજ પણ હજી જોવા મળે છે. તે જુનાગઢમાં છે.

આ શિલાલેખમાં અશોકરાજાએ શું લખાવ્યું હશે? તે વખતના અક્ષર છે એટલે આપણે તો વાંચી શકીએ નહિ. પણ વાંચનારા કહે છે કે એમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અશોક રાજાએ ઘણી સુંદર વાતો કહી છે.

એમાં એણે સૌને નીતિન્યાયનો માર્ગ રાખવા માટે આગ્રહ કર્યો છે. કોઈનું કાંઈ પણ અધર્મથી ન લેવાની વાત લખી છે.

આ રાજા અશોકની વાત પણ જાણવા જેવી છે. પિતાનું રાજ મોટું હતું. પણ એને વધારે મોટું કરવા માટે, અશોકરાજા કલિંગદેશ ઉપર ચડ્યો.

કલિંગદેશ એટલે જગન્નાથપુરી પાસેનો મુલક.

આ લડાઈ કરવા માટે એણે તૈયારી પણ મોટી કરી હતી. જગન્નાથપુરી અને પાટલિપુત્ર વચ્ચે હજાર માઈલનું અંતર ! એટલે જો ત્યાં હારી જાય તો પછી એને કોણ મદદ કરવા દોડે ?

એટલે એ બરાબરની તૈયારી કરીને ત્યાં સવારી લઈ ગયો. એની સવારીમાં સેંકડો હાથી. હજારો ઘોડાં. લાખોનું પાયદળ.

કલિંગદેશના લોકોને આ નાહકની લડાઈ ગમી નહિ. પણ અશોકરાજા ચડી આવ્યો એટલે શું થાય ? કલિંગદેશનો રાજા લડવા તૈયાર થયો. એનું સૈન્ય તો નાનું હતું. ટકાય તેવું ન હતું. પણ કાંઈ દેશનું રક્ષણ કર્યા વિના છુટકો હતો ? નાનું તો નાનું, સૈન્ય લઈને એ અશોકની સામે થયો.

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલિંગરાજ રણભૂમિમાં પડ્યો. એની સાથે દોઢલાખ માણસો પડ્યાં! બીજાં દોઢલાખ કેદમાં પકડાયાં! રાજાનો મોટો પુત્ર હતો. એને અશોકે રાજ આપવાનું કર્યું. એણે ઘસીને ના પાડી. એણે કહ્યું: 'મહારાજ! તમે આ દેશને તાબે કરી રહ્યા! લડાઈનો ઝંડો હું ફરકતો રાખીશ. હું મરીશ તો મારો પુત્ર એ ઝંડો ફરકતો રાખશે. તમે અન્યાયથી લડાઈ કરવા આવ્યા છો. દેશનો એકે એક માણસ મરી ખૂટશે. પણ તમને વિજેતા તરીકે નહિ ગણે! રાજા તો લોકનું રક્ષણ કરે. આમ કાંઈ ભક્ષણ કરે?'

રાજકુમારની આ વાતે અશોક રાજાને ઘણી અસર કરી. વળી લડાઈમાં લાખો માણસોને એણે દુખી થતા જોયા હતા. કલિંગના રાજકુમારને તેણે અન્યાયની લડાઈઓ બંધ કરવાનું વચન આપ્યું. ત્યારે જ રાજકુમારે બાપનું રાજ સંભાળ્યું!

પછી અશોકરાજા પાટલિપુત્રમાં પાછો આવ્યો. પણ લડાઈ કરવી, એ ખરાબ છે એ વાત એના મનમાં આવી ગઈ! એને ભગવાન બુદ્ધનો પ્રેમધર્મ ગમ્યો. એ ધર્મની વાતો એણે ફેલાવવા માંડી!

એવામાં એને એક સાધુનો ભેટો થયો. એ સાધુનું નામ ઉપગુપ્ત. એ સાધુ મથુરા પાસે રહે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પવિત્ર શાંત જીવન ગાળે! રાજા અશોકને એની ખબર પડી. એ સાધુ બૌદ્ધધર્મનું જ્ઞાન ધરાવતો હતો. રાજાએ એને મળવા માટે પાટલિપુત્રમાં બોલાવ્યો.

સાધુ ઉપગુપ્ત પાટલિપુત્રમાં આવ્યો. રાજા એને મોટા માનથી સામે લેવા ગયો.

પછી એણે ઉપદેશ આપ્યો કે 'હે મહારાજ! ભગવાન બુદ્ધે જે કહ્યું છે તે સમજીને તે પ્રમાણે જે ચાલે તે લોકનું કલ્યાણ કરી શકે. વેરથી વેર કદી મટતું નથી. વેર લેવાથી કોઈને ફાયદો થતો નથી. માણસને શસ્ત્રથી નહિ, પ્રેમથી જીતો. તમામ પ્રાણી ઉપર દયા રાખો.' પછી અશોકરાજાએ બૌદ્ધધર્મ ગ્રહણ કર્યો.

ભગવાન બુદ્ધનાં જે જે સ્થળો હતાં, તે દરેક સ્થળે અશોક રાજા ગયો. ને ત્યાં બુદ્ધ ભગવાનના નામની કાંઈ ને કાંઈ યાદી ઊભી કરી. કયાંક સ્તૂપ કર્યો. કયાંક લેખ કોતરાવ્યા. ને દરેક સ્થળે મોટી ભેટો આપી.

અશોક રાજાએ ઠેકાણે ઠેકાણે—ખડકો ઉપર, શિલાઓ ઉપર, અને થાંભલાઓ ઉપર, ઉપદેશ કોતરાવ્યા હતા. એના કેટલાક લેખો હજી પણ છે. એક તો ગીરનાર પાસે જ છે. તેમાં એણે લખાવ્યું છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે લોક ન્યાયથી વર્તે. એક બીજાને પ્રેમથી ચાહે. એક બીજાના સુખદુઃખમાં ભાગ લે. અન્યાયથી કોઈનું કાંઈ ન લે. એમાં એણે પોતાનું નામ રાજા પ્રિયદર્શી એમ લખાવ્યું છે.

રાજા પ્રિયદર્શીને કલિંગની લડાઈ ખૂબ યાદ રહી ગઈ છે. એણે લખ્યું છે કે, હવે એવી લડાઈના એક હજારમા ભાગ જેટલું પણ, લોકને નુકસાન થાય, તો મહારાજને ઘણું જ લાગી આવે! માટે કોઈએ કોઈ સાથે અન્યાયથી વરતવું નહિ. જંગલમાં રહેનારા ઉપર પણ પ્રેમ રાખવો. સૌ સારું કામ કરવામાં આનંદ માને. એ જ ખરું સુખ છે એમ સૌ કોઈ સમજે. દાન કરે. દુઃખીને મદદ કરે. ઘરમાં ને બહાર વિવેક રાખે. માબાપને માન આપે. કોઈની કોઈ નિંદા ન કરે. રાજા અશોકે આવો ઉપદેશ ફેલાવવા ઠેકાણે ઠેકાણે સાધુઓ ને માણસો મોકલ્યા. એનો પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રા લંકામાં ગયાં હતાં.

રાજા અશોકનો એક મોટો સ્તમ્ભ દિલ્હીમાં હજી ઉભો છે.

પહેલાં એ સ્તમ્ભ ત્યાં ન હતો. દિલ્હીથી નેવું ગાઉ દૂર હતો.

એક વખત દિલ્હીના એક બાદશાહે એ ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોયેા; અને એને રાજધાનીમાં ફેરવવાનું એને મન થયું. પણ આ સ્તમ્ભ કાંઈ જેવા તેવા ન હતા. પચાસ પચાસ ફૂટ ઊંચા હતા, ને ત્રણ ત્રણ હજાર મણ વજનમાં હતા.

ફેરવતાં એ ભાંગી ન પડે માટે બહુ જ કાળજી રાખવી પડી હતી.

બેંતાલીસ પૈડાંની ગાડી એને માટે તૈયાર કરી. અને દરેક પૈડાને દોરડું બાંધ્યું. દરેક દોરડાને બસો માણસો ખેંચવા માટે વળગ્યાં. ને એ રીતે ૮૪૦૦ માણસોએ એ ગાડી ખેંચી. ત્યારે આ સ્તમ્ભ દિલ્હી પહોંચ્યેા હતેા !

અશોક રાજાએ ઉભા કરેલા સ્તમ્ભ કેટલા મોટા હશે તે આ ઉપરથી સમજાઈ જાશે ! અશોક રાજાએ આવા ત્રીસ બત્રીસ સ્તમ્ભ ઊભા કર્યા હતા !

અશોક રાજાનું રાજ ઘણું મોટું હતું. દુનિયામાં જે મહાન રાજાઓ થઈ ગયા છે, તેમાં અશોક રાજાની પહેલી ગણના થાય છે ! એણે દુનિયાભરમાં આ ધર્મોપદેશ ફેલાવવા માટે સાધુઓ મોકલ્યા હતા ! આજથી બે હજાર વર્ષ પહેલાંની આ વાત ! આજ પણ સૌને એની વાત ગમે છે !

હવે આપણા દેશની રાજમુદ્રા, સ્તમ્ભની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટોચે ઉભેલા ત્રણ સિંહની છે. આ મુદ્રા મહાન અશોક રાજાના સ્તમ્ભમાંથી લીધેલી છે.

અહિંસા અને સત્ય એ બન્નેને, દરેક રાજતંત્ર ધારનારો મનમાં રાખે. ને એ પ્રમાણે વર્તે. અશોક રાજાએ આ વાત ઠેર ઠેર લખાવી રાખી હતી.

એ આજ ઉપયોગી છે.

–ને એ હમેશાં ઉપયોગી રહેવાની છે.

આપણા ત્રિરંગી રાષ્ટ્રધ્વજમાં અશોકચક્ર મૂકવામાં આવેલ છે, એ આટલા માટે.

આ સાધુરાજા એ સૌને માટે એક આદર્શ રાજા થઈ ગયો છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હર્ષ રાજા

આપણા ભારત દેશની ઉત્તરે મોટો હિમાલય પર્વત છે. એનાં ઊંચાં શિખરો ઓળંગીને પેલી તરફથી આંહીં આવવું મુશ્કેલ !

પણ જ્યાંથી સિકંદર આવ્યો હતો, તે વાયવ્ય ખૂણે, એક નાનીસરખી નેળ છે !

ગાંધાર દેશ અને ભારતવર્ષ વચ્ચે એ આવવા જવાનો માર્ગ છે !

ગાંધાર દેશનું નામ હવે અફઘાનિસ્તાન છે. અફઘાનિસ્તાન—હિંદુસ્તાન વચ્ચે જવા આવવાનો આ એક સાંકડો માર્ગ. એને ખૈબરઘાટ કહે છે. જે કોઈ આવે તે એ તરફથી આવે.

આજથી તેરસો ચૌદસો વર્ષ પહેલાંની વાત છે. તે વખતે સ્થાનેશ્વરમાં એક રાજા હતો. એ સ્થાનેશ્વર કુરુક્ષેત્ર પાસે આવ્યું. દિલ્હીની નજીક. આ ઘાટને રસ્તે આવનારથી સ્થાનેશ્વરના રાજા ચેતતા રહે ! તેમ આ રાજા પણ ચેતતો રહેતો !

ઘાટની પેલી મેર ગાંધારમાં એ વખતે હૂણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકો રહેતા. હૂણ લોકોનું કામ લડાઈ કરવાનું. મારફાડનું. જે મળે તે લઈને ભાગી જવાનું!

સ્થાનેશ્વરના રાજાનું નામ પ્રભાકરવર્ધન. તેણે આ હૂણ લોકોને વશ કર્યા હતા.

એક વખત રાજાને ખબર પડી કે હૂણ લોકો પાછા બળવો કરી બેઠા છે. તેણે પોતાના બે કુમારોને બોલાવ્યા. એમને કહ્યું કે તમે સૈન્ય લઈને ઉપડો. હૂણ લોકોને વશ કરી આવો. દુશ્મનને ઉગતાં જ દાબવો સારો!

બન્ને કુમારો ઉપડ્યા. બહુ મોટી ઉમ્મરના ન હતા. અઢાર વીસ વર્ષના માંડ હશે! પણ સિંહનાં બચ્ચાં સિંહ જેવાં જ હોય ને!

એક કુમારનું નામ રાજ્યવર્ધન. બીજાનું નામ હર્ષવર્ધન. રાજ્યવર્ધન મોટો. હર્ષવર્ધન નાનો.

બન્નેએ લડાઈ કરીને હૂણ લોકોને વશ કરી લીધા! પછી રાજ્યવર્ધન ત્યાં બંદોબસ્ત કરવા રોકાયો. હર્ષવર્ધન, હિમાલયમાં ફરવા ગયો!

એક દિવસ હર્ષને સમાચાર મળ્યા. એનો પિતા બહુ જ માંદો પડી ગયો હતો. તે ઝપાટાબંધ રાજધાનીમાં આવ્યો. પિતાને સખત માંદગી. રાજવૈદ્ય રસાયનને બોલાવ્યો. એને પૂછ્યું: 'પિતાજી કયારે સાજા થશે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજવૈદ્યે કહ્યું, હું કાલે જવાબ આપીશ! પણ રાજા આ મંદવાડમાંથી બેઠા નહિ થાય એની રાજવૈદ્યને ખાત્રી હતી!

રાજાની માંદગી જીવલેણ હતી. રાજવૈદ્યને બહુ લાગી આવ્યું. પોતે રાજાનો મિત્ર હતો. પણ રાજાને પોતે બચાવી શકે તેમ ન હતું!

બીજે દિવસે વૈદ્યરાજને તેડવા માટે રાજકુમાર હર્ષનું માણસ આવ્યું!

પણ વૈદ્યરાજ પોતે જ મરણ પામ્યા હતા! રાજાનું મરણ થાય એ એમનાથી ખમાયું નહિ. એમણે અગ્નિપ્રવેશ કર્યો હતો! રાજા માટે વૈદ્યરાજને એવી પ્રીતિ હતી. રાજા મરણ પામ્યો. મોટો રાજકુમાર હજી લડાઈના મેદાનમાં હતો. એને આ ખબર ન હતી. એટલે કેટલાક સ્વાર્થી લોકોએ હર્ષને કહ્યું કે 'હવે તમે રાજા થઈ જાઓ! મોટાભાઈ આવે તે પહેલાં રાજગાદી મેળવી લેવાની આ સરસ તક છે!'

પણ હર્ષવર્ધન બહુ પવિત્ર હતો. તેણે કહ્યું: 'રાજ તો મોટાભાઈનું જ છે. અને એ એનું જ રહેશે. હું તો એનો સેનાપતિ છું! અન્યાયથી મારે રાજ લેવું નથી! રામચંદ્ર અને ભરતની વાત યાદ કરો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી રાજ્યવર્ધન આવ્યો. હર્ષવર્ધને એને રાજા થવાનું કહ્યું. પણ તેણે કહ્યું: 'પિતાની ઇચ્છા તને રાજ આપવાની હતી એ હું જાણું છું અને તે બરાબર હતી. કારણ કે લડાઈનો વખત છે. ને તું લડાઈમાં કુશળ છે. માટે તું જ રાજા થા!'

હર્ષવર્ધન કહે: 'ના મોટાભાઈ! રાજા તમે. હું તો તમારો સેનાપતિ!'

એમ બે ભાઈઓ વાતો કરે છે, ત્યાં એમની બેન રાજ્યશ્રીનો એક માણસ આવ્યો. બહેન રાજ્યશ્રીને કનોજના રાજા વેરે પરણાવી હતી. એનો માણસ ઉતાવળો ઉતાવળો આવ્યો. તેણે હાથ જોડીને કહ્યું કે હે મહારાજ! જલદી કનોજમાં પધારો. ત્યાં માલવાના રાજાએ કેર વર્તાવ્યો છે. તમારી બેનને કેદ કરી છે. તમારા બનેવીને મારી નાખેલ છે.'

બન્ને ભાઈઓ આ સમાચાર સાંભળીને ચમકી ગયા.

રાજગાદીની વાત એમ ને એમ રહી ગઈ! બેનને મદદ કરવા માટે રાજ્યવર્ધન ઉપડ્યો! પોતાની સાથે દસ હજાર ઘોડેસવાર લીધા. મોટું લશ્કર લીધું.

હર્ષવર્ધન રાજ્ય સાચવવા રહ્યો.

પણ આ લડાઈમાં રાજ્યવર્ધન દગાથી મરાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને હર્ષને રાજા થવું પડયું.

માત્ર વીસ જ વર્ષના રાજકુમાર ઉપર દેશનો ભાર આવી પડયો!

પણ હર્ષવર્ધન બહાદુર હતો. તેણે આખા દેશમાં વ્યવસ્થા સ્થાપી. રાજ વધાર્યું. નાની નાની નિત્યની લડાઈઓ અળસાવી દીધી. તે મોટો રાજા થયો.

એણે પણ પ્રજાને પ્રેમથી જીતી. એની બેન રાજ્યશ્રી તો સાધ્વી થઈ હતી. રાજા હર્ષ પાંચ પાંચ વરસે એક મોટો મેળો કરતો. એમાં સેંકડો સાધુઓ આવતા. હજારો માણસ આવતાં. એમાં હર્ષરાજા એક નવી નવાઈની વાત કરતો. પાંચ વર્ષમાં ભેગો થયેલો બધો રાજભંડાર એ સૌને વહેંચી દેતો! પોતાનાં ઘરેણાં લુગડાં પણ આપી દેતો. પછી એની બહેન પાસેથી એક કપડું માગીને પહેરતો. અને વળી રાજા તરીકે પાછો કામમાં જોડાતો!

રાજા હર્ષવર્ધનના સમયમાં આંહીં એક સાધુ આવ્યો હતો. તે ચીન દેશમાંથી આવ્યો હતો. આંહીં વિદ્યા શીખવા માટે આવ્યો હતો. એનો બૌદ્ધ ધર્મ હતો. એ બૌદ્ધધર્મનાં પુસ્તકો લખી લેવા માટે આવ્યો હતો! એ વખતે છાપખાનાં નહિ. પુસ્તકો હાથે લખે. આ સાધુ પુસ્તકો લખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવા માટે આવ્યો. હજારો ગાઉથી પગે ચાલતો આવ્યો. મોટા પહાડ ને રણ ઓળંગીને આવ્યો. એને વિદ્યાની એવી લગની લાગેલી !

એ સાધુનું નામ હ્યુ એન સંગ. હર્ષ રાજાને એ મળ્યો હતો. હર્ષ રાજાએ એને બહુ માન આપ્યું હતું. તે વખતની કેટલીક વાતો એણે લખી રાખી છે.

હ્યુ એન સંગ પાછો ચીન ગયો, ત્યારે રાજાએ એને ઘણી ભેટો આપી હતી. તે વિદ્વાન પોતાને દેશ ગયો ત્યારે પોતાની સાથે છસ્સો સત્તાવન પુસ્તકો લેતો ગયો. એ પુસ્તકો એણે ફરીને પોતાના દેશની ભાષામાં લખ્યાં ! તે વિના તો કોઈ શી રીતે સમજે ?

મરણ આવ્યું ત્યાં સુધી એ કામ કરતો રહ્યો ! આવો એ સાધુ !

હર્ષ રાજા, અશોક રાજાને પગલે ચાલ્યો. અશોક રાજાએ કર્યું હતું તેમ એણે કર્યું. તેણે આખા દેશમાં સરસ રસ્તાઓ બંધાવ્યા. ધર્મશાળાઓ બંધાવી. દવાખાનાઓ બંધાવ્યાં. મફત દવા આપવાની ગોઠવણ કરી. વિદ્વાનોની સભાઓ ભરી. સાધુઓને દાન આપ્યાં. લડાઈ કરનારાઓને વશ કર્યા. એણે માંસ મદિરાનો ત્યાગ કર્યો. મદિરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે દારૂ. એ દારૂ પીતો નહિ. માંસ ખાતો નહિ. કોઈને અન્યાય કરતો નહિ.

આ તો રાજાનો રાજા. અને વળી સાધુનો સાધુ !

એના દરબારમાં એક કવિ હતો. એ કવિનું નામ બાણ કવિ. બાણ કવિએ કાદંબરી લખી છે. મોટા થાઓ ત્યારે એ વાંચજો. હમણાં તો નહિ સમજાય !

રાજા હર્ષ વિદ્વાન પણ હતો. એણે નાટક લખ્યાં છે. એ નાટક ભજવી શકાય તેવાં છે. રાજદરબારમાં એ ભજવાતાં હશે.

આવો આ રાજા હર્ષ થઈ ગયો !

અશોક અને હર્ષ એ બન્ને રાજાઓ બહુ જ યાદ આવે તેવા છે.

એમણે રાત દિવસ એક જ કામ કર્યું. પ્રજાને સુખ દેવાનું.

એ બરોબરના મહાન રાજાઓ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યશોવર્મા

હુણ લોકોનાં તોફાન ભારતવર્ષમાં વારંવાર આવે. એક વખત તો એમણે આંહીં સત્તા પણ જમાવી દીધી હતી.

એનો એક સરદાર તો બહુ જબરો નીકળ્યો. એણે છેક માલવા સુધી સત્તા જમાવી દીધી. આંહીં રાજ્ય જ સ્થાપી દીધું. એનું નામ તોરમાણ.

તોરમાણનો દીકરો મિહિરગુલ. આ મિહિરગુલ બહુ જ ક્રૂર. અરે! કાશ્મીરમાં ગયો, ત્યાં ડુંગરા ઉપરથી હાથીઓને નીચે ગબડાવે! હાથીઓ ચીસાચીસ પાડે ને ભાઈ ઊભા ઊભા હસ્યા કરે!

આવા આ મિહિરગુલને વશ કરનારો એક રાજા નીકળ્યો.

એનું નામ યશોવર્મા. એ પણ કનોજનો રાજા હતો.

એણે બે ચાર રાજાઓને ભેગા કરીને મિહિરગુલને હરાવ્યો.

એમાં મગધનો રાજા પણ હતો. મગધ એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ણિહાર. આ રાજાનું નામ બાલાદિત્ય. બરી રીતે આ મગધના રાજાઓના વડવા આબા હિંદ ઉપર રાજ કરી ગયા હતા. પણ બાલાદિત્ય તો માંડ પોતાનું નાનકડું રાજ જાળવે એવો!

એ બાલાદિત્યે આ મિહિરગુલને બોટી દયાથી બચાવ્યો. યશોવર્માએ તો એને કેદ કર્યો હતો. પણ બાલાદિત્યે એને પાછો છોડાવ્યો. અને એને જવા દીધો!

પણ મિહિરગુલ તો કાશ્મીરમાં ગયો. ત્યાં સૈન્ય ભેગું કર્યું. અને પોતાને છોડાવનાર બાલાદિત્યને જ માર્યો!

ત્યાર પછી સારું થયું કે થોડા વખતમાં મિહિરગુલ પણ મરણ પામ્યો.

રાજા યશોવર્માની એક વાત એવી છે કે એણે છેક ચીનમાં દૂતો મોકલ્યા હતા. બરેબર, જબરો રાજા. આજથી બારસો વરસ પહેલાં ચીનમાં જવું એ કેટલું મુશ્કેલ હશે? જતાં જતાં જ વરસ દોઢ વરસ થઈ જાય! આ યશોવર્માના દરબારમાં એક કવિ હતો. એ કવિનું નામ ભવભૂતિ. સંસ્કૃત ભાષામાં બે મોટા કવિ થઈ ગયા. એક કાલિદાસ. બીજો આ ભવભૂતિ. એણે રામ સીતાનું નાટક લખ્યું છે, બહુ સરસ છે. એ નાટકનું નામ ઉત્તરરામ ચરિત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજ પણ કોઈ વાંચે તો છક્ક થઈ જાય. પણ નાટક લખ્યું છે સંસ્કૃતમાં હોા ! એ વખતે તો એ ભાષા બધાં સમજે !

યશોવર્માએ લાંબું રાજ કર્યું નહિ. કર્યું હોત તો એ બહુ મોટો રાજા થાત. પણ એને કાશ્મીરના રાજાએ હરાવ્યો ને મારી દીધો.

કહે છે કે ભવભૂતિ કવિ માટે આ યુદ્ધ થયેલું.

કાશ્મીરના રાજાને એમ કે આવડો મોટો કવિ અમારા દરબારમાં હોાય ! બીજાને ત્યાં નહિ ! એમાંથી યુદ્ધ થયું.

આ યશોવર્માની વાત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકરાચાર્ય

રાજાઓ રાજ કરે. વિદ્વાનો મોટી શાળા ચલાવે. પણ સાધુઓ તો ઠેકાણે ઠેકાણે ફરે. એ બધાને ઉપદેશ કરે. લોકો માને તો ભલે. ન માને તો કાંઈ નહિ. સાધુનું કામ લોકોને જ્ઞાનની વાત કહેવાનું.

એવા એક સાધુ થઈ ગયા છે. તેનું નામ શંકરાચાર્ય.

નાનપણમાં પિતા મરી ગયા. માતાએ ઉછેરીને મોટા કર્યા. પછી એક ગુરુને ત્યાં એ ભણવા ગયા. ભણીગણીને વિદ્વાન થયા. એટલે એમણે લોકોને જ્ઞાનવાર્તા કહેવા માંડી.

સંસારમાં એ પડ્યા જ નહિ!

એ પહેલેથી જ સંન્યાસી થઈ ગયા!

એમની જ્ઞાનવાર્તા જે સાંભળે તે ડોલી જાય. રાજા હોય તો પણ નમી પડે. ગરીબ હોય તો પણ નમી પડે. સૌને લાગે કે આની પાસે આવી વાતો કયાંથી આવતી હશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ જેમ ચિતારો, સૂરજ દેખે, રંગ પૂરે. એ સૂરજ જોઈને લોકો કહેશે, વાહ ! ચિતારો તો આબેહુબ સૂરજ આપે છે !

જ્ઞાનીની વાત પણ એવી. શંકરાચાર્યની વાત પણ એવી હતી. એક વખત એમણે એક સરસ વાત કહી. બધા સરખા છે. પ્રાણી માત્ર. પશુ, પંખી, માનવ બધા. બધામાં જીવ છે. એટલે કોઈ ઊંચો નથી. કોઈ નીચો નથી. હવે એવું બન્યું કે એક ઢેઢે આ ઉપદેશ સાંભળ્યો. એનું મન આનંદ પામ્યું. એને થયું કે ચાલો, હું પણ સૌ જેવો છું. હું પણ માણસ છું !

ભગવાન શંકરાચાર્ય નદીએથી નાહીને ચાલ્યા આવે.

રસ્તામાં આ ઢેઢ ઊભેલો !

ગુરુ નાહ્યાધોયા છે, સ્વચ્છ થયા છે, આ ઢેઢનો પડછાયો એમના ઉપર પડે તે ઠીક નહિ. એટલે એક શિષ્યે જ એને બૂમ મારીઃ 'એ માતંગ ઢેઢ ! આઘો બસ ! આઘો બસ !'

માતંગ જરાક આઘો તો બસી ગયો. પણ જેવા ગુરુજી નીકળ્યા કે તરત એને હાથ જોડીને પૂછ્યુંઃ 'ગુરુજી! અમારામાં ને બીજામાં શું ફેર છે?'

શંકરાચાર્યે તરત શિષ્યોને કહ્યુંઃ 'સૌનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવ સરખો છે. કોઈ ઊંચો નથી, કોઈ નીચો નથી. સૌને સરખા ગણો!'

ભગવાન શંકરાચાર્ય બધે ફરે. સૌને વાત કરે. સૌ એમની વાત માને. જે ન માને તેને વાદવિવાદ કરીને મનાવે. હારે, પછી એ માને. પછી તો માને જ નાં?

એ વખતે એક મહા વિદ્વાન હતા. તેમનું નામ મંડનમિશ્ર. શંકરાચાર્ય એની સાથે વાદવિવાદ કરવા ગયા.

મંડનમિશ્રનાં પત્ની પણ એના જેવાં જ વિદ્વાન. મંડનમિશ્રને ત્યાં રાતદિવસ શાસ્ત્રની વાતો ચાલે. શિષ્યો એ વાતો કરતા જ હોય. કોઈ સવાલ પૂછતા હોય. કોઈ જવાબ દેતા હોય. એટલે પાંજરામાં બેઠેલાં મેનાં ને પોપટ પણ એવી વાતો શીખી ગયેલાં!

દિવસો સુધી આ બન્ને વિદ્વાનો વચ્ચે ચર્ચા ચાલી! અને એ બન્નેનો ન્યાય કરનાર મંડનમિશ્રનાં પત્ની!

જાણે અર્જુન ને કર્ણ તીરથી લડતા હોય તેવું! પેલામાં તીર ફેંકે—આમાં એકબીજાને હંફાવનારી વાતો કાઢે!

એ વાદમાં મંડનમિશ્ર હાર્યા. શંકરાચાર્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીત્યા. સરસ્વતીએ સાચો ન્યાય આપ્યો. પોતાના પતિનો ખોટો પક્ષ ખેંચ્યો નહિ. પણ પછી એણે શંકરાચાર્યને કહ્યું: 'હવે મને જીતો! તમે મને જીતો, ત્યારે આખી જીત થઈ કહેવાય!'

શંકરાચાર્ય સરસ્વતીને પણ જીત્યા. મંડનમિશ્ર એના શિષ્ય થયા.

હવે એમણે ઠેર ઠેર ઉપદેશ આપવાનું શરુ કર્યું.

એમનો ઉપદેશ એ હતો કે આપણે જોઈએ છીએ તે બધું એ જ પ્રમાણે નથી. એમાં ઊંડે ઉતરો. દરિયામાં જેમ ઉપર પાણી છે, ને નીચે મોતી છે, તેમ સંસારમાં છે. ઉપરનો દેખાવ જુદો છે. પણ અંદર બધે ભગવાન જ છે!

શંકરાચાર્ય સંન્યાસી થયા ત્યારે માતાને એક વચન આપ્યું હતું. 'તમે સંભારશો ત્યારે આવીશ.'

માતાનું મરણ નજીક આવ્યું. પોતાના શંકરને માતાએ સંભાર્યો. શંકરાચાર્ય હજાર કામ પડતાં મૂકીને દોડ્યા!

માતાએ કહ્યું: 'શંકર! તું બહુ વિદ્વાન છે. હવે મને ઉપદેશ આપ!'

શંકરાચાર્યે જ્ઞાનની વાત કહી. માતા સમજ્યાં નહિ. ભગવાન શંકરની વાત કરી. માતાનું મન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજી થયું નહિ. પછી શંકરાચાર્યે કૃષ્ણ ભગવાનની વાત કરી. માતાને એ ગમી ગઈ. શંકરાચાર્યને પણ એ જોઈને આનંદ થયો. માતા સમજી શકે એવી વાત પોતે બોલી શકયા તેનો આનંદ થયો!

શંકરાચાર્ય બત્રીસ વર્ષની જુવાન વયે મરણ પામ્યા. એમણે ચાર મઠ સ્થાપ્યા છે. એક મઠ દ્વારકામાં છે.

એમણે ઘણાં પુસ્તકો લખ્યાં છે. 'ભજ ગોવિંદમ્ ભજ ગોવિંદમ્ ભજ ગોવિંદમ્ મૂઢ મતે!' એ એમનું લખેલું. આજ પણ એમનાં એ પુસ્તકો વંચાય છે. એમાં જ્ઞાનની વાતો છે. ભગવાનની વાતો છે. માણસ ભગવાનને ઓળખે એવી વાતો છે. એ વાતો બહુ સરસ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રઝિયા બેગમ

દિલ્હીની ગાદી ઉપર એક બેગમ રાજ કરી ગઈ છે. તેનું નામ રઝિયા બેગમ. આજથી સાતસો વર્ષ પહેલાંની આ વાત. તે વખતે દિલ્હીમાં બાદશાહ અલ્તમશ રાજ કરે.

શાહબુદ્દીન ઘોરી સામે પૃથ્વીરાજ લડેલો. એ શાહબુદ્દીન પછી કુતબુદ્દીન ગાદીએ આવ્યો. તેણે કુતુબમિનાર બંધાવ્યો છે. તે હજી દિલ્હીમાં છે. કુતુબમિનાર અઢીસો ફૂટ ઊંચો હશે! એટલે લગભગ બાવીશ માળના મકાન જેવડો થાય!

આ કુતુબુદ્દીન પછી અલ્તમશ રાજા થયો. આ અલ્તમશ બાદશાહની એક પુત્રી. એનું નામ રઝિયા. એ નાનપણથી જ ઘોડેસવારી કરે. તીરકામઠું રાખે. શિકાર કરવા જાય અને વળી પુસ્તકો પણ વાંચે! એને એમ થાય કે હું રાજ કરીને સૌને બતાવું કે સ્ત્રી પણ રાજ કરી શકે છે!

પણ એ વખત જુદો. આજે બૈરાં બધે ફરે. તે વખતે તો બુરખો પહેર્યા વિના કોઈ બહાર જ નીકળે નહિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રઝિયાને કેાઈ કાંઈ કહી શકે નહિ. કારણ કે બાદશાહને એ વાત ગમે. પણ મનમાં સા સરદાર બીજાય !

એક વખત એવું બન્યું કે, બાદશાહ અલ્તમશ વાઘનેા શિકાર કરવા ગયેા. રઝિયા પણ સાથે ઉપડી. સાથે ઘેાડાં, હાથી, શિકારીઓ લીધેલા. બાદશાહની સવારી જાય. રઝિયાએ ઘેાડેસવારી કરેલી. હાથમાં ભાલેા. કેડે તલવાર. તીરકામઠું લીધેલું. વેષ પણ પુરુષનેા.

હવે વાઘની જાત બહુ દગાબેાર છે. કયાંથી આવે ને કયારે આવે તે ખબર પડે નહિ.

બાદશાહની સવારી જતી હતી, એવામાં અચાનક એક વાઘ નીકળ્યેા !

અને પરબારેા બાદશાહ ઉપર જ ગયેા ! શું થયું એ કેાઈને ખબર પણ પડી નહિ. આકાશમાં વાઘ અદ્ધર હતેા. અને બાદશાહના માથા ઉપર પડવાને એક પળની વાર હતી !

બાદશાહની સાથેનાં માણસેા પણ ગભરાઈ ગયાં હતાં.

વાઘ વીજળીની જેમ આવ્યેા હતેા.

એ વખતે રઝિયાનેા ઘેાડેા સામે આવી ગયેા. કેાઈ કાંઈ બેાલે તે પહેલાં તેા છનન તીર છૂટયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાઘ ઉંઘો ઉથલી પડ્યો. અને પડ્યો કે તરત રઝિયાએ ભાલો ખોસી દીધો !

આખી સવારી ચકિત થઈ ગઈ. હમણાં બાદશાહ જીવ ખોઈ બેસત. સૌ વિચારમાં પડી ગયા. અલ્તમશ બાદશાહે રઝિયાને શાબાશી આપી ! 'શાબાશ ! શાબાશ ! આજ તું ન હોત તો હું પણ ન હોત ! શાબાશ ! '

પછી તો બાદશાહ લડાઈ કરવા જાય, તો રઝિયા સાથે જાય. આઘે લડાઈ કરવા જાય, તો રઝિયાને રાજની સંભાળ સોંપે !

સૌને લાગ્યું કે રઝિયા બેગમ જ રાજ કરશે !

રઝિયાના ભાઈ નમાલા. એમને કાંઈ આ ગમે ?

અલ્તમશ બાદશાહ મરણ પામ્યો, ત્યારે એણે તો રઝિયાને રાજ સોંપ્યું.

પણ એના ભાઈએ એ વાત કબુલ ન કરી. એ નમાલો હતો. છ મહિનામાં જ લોકોએ એને ઉઠાડી મૂક્યો.

રઝિયા ગાદીએ બેઠી. પણ દરબારીઓને રઝિયા આમ રાજ કરે તે ન ગમે !

એ રાજ ભલે કરે. પણ અમે કહીએ તેમ કરે. એ મહેલમાં બેસે. બુરખો રાખે. આ પુરુષ-વેષ ન પહેરે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે દરબારીઓ સાથે છેવટે રઝિયાને મેળ મળ્યો નહિ. એની સામે સૌ થયા. એવામાં એ એક ગુલામને પરણી. એટલે મોટો બળવો થયો. એને ભાગવું પડયું. એ પકડાઈ ગઈ. એના ગુલામ ધણીને મારી નાખવામાં આવ્યો. એને કેદ કરી.

એ કેદખાનામાંથી ભાગી. પણ એને પકડીને ફરી કેદખાનામાં નાખી.

અને તોફાનીઓ એની બહાદુરીની વાત કાંઈ સમજ્યા નહિ. એને મારવામાં જ સમજ્યા.

આ પ્રમાણે એની બહાદુરીને અજ્ઞાન લોકો સમજ્યા જ નહિ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરિહર ને બુક્કારાય, બે ભાઈઓ !

દિલ્હીમાં એક બાદશાહ થઈ ગયો. એનું નામ મહમ્મદ તઘલખ. એનાં કેટલાંક કામ ગાંડા જેવાં. તો કેટલાંક કામ ડાહ્યા જેવાં. એટલે એને મહમ્મદ ગાંડો પણ કહે છે. એણે એક વખત હુકમ કાઢ્યો કે દિલ્હી નહિ, દોલતાબાદ રાજધાની રાખવી છે ! આ હુકમ તો બરાબર. પણ બધા માણસોને હુકમ કર્યો કે તમે સૌ દોલતાબાદ જાઓ ! દિલ્હી છોડી દો !

સરસામાન, રાચરચીલાં, ઘરવખરી લઈને દોલતાબાદ જવું !

ક્યાં દિલ્હી ને ક્યાં દોલતાબાદ ? એક આવ્યું ઉત્તરમાં, તો બીજું દક્ષિણમાં. બન્નેની વચ્ચે સાતસો માઈલનું તો છેટું ! લોકોની હેરાનગતિનો પાર ન રહ્યો. અને ત્યાં તો બાદશાહે પાછો હુકમ કાઢ્યો. હવે દિલ્હી પાછા ફરો ! આ મહમ્મદ તઘલખનું રાજ મોટું.

પણ દિલ્હીનું રાજ આટલું બધું વધ્યું, ત્યારે દક્ષિણના લોકને ચિંતા થઈ. એમને થયું કે આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો વધતું વધતું આપણને પણ ખાઈ જશે !

અને એમ જ થયું. વરંગુલ કરીને એક મોટું રાજ. એમાં હિંદુ રાજા રાજ કરે. એની હાર થઈ. ત્યાંનો રાજા ભાગી ગયો.

રાજાના બે કારભારી હતા. તે પણ ભાગ્યા. જઈને એક સાધુના મઠમાં રહ્યા. સાધુનું નામ માધવાચાર્ય. એનું એક બીજું નામ પણ છે. વિદ્યારણ્ય. આ માધવાચાર્યને એક ભાઈ. એનું નામ સાયણાચાર્ય.

આ બન્ને કારભારી ભાઈઓ ત્યાં રહ્યા. તે પણ ઘણા વિદ્વાન. એમણે જોયું કે આ વાત ખોટી છે. દિલ્હીથી લશ્કર આવે. બાદશાહ આવે. લોકો ભાગે. કોઈને શાંતિ નહિ. આવું કેટલા દિવસ ચાલે ?

માટે હવે આંહીંથી કોઈએ એમની સામે થવું જોઈએ. લડવાની જરૂર છે માટે લડવું જોઈએ. તો દિલ્હીથી આવનારું બાદશાહી દળ અટકે. તો દેશમાં શાંતિ થાય. માધવાચાર્યે પણ આ બન્ને કારભારી ભાઈઓને એ જ કહ્યું. રાજ સ્થાપો. મજબૂત બનો. સામનો કરો. બધા લોગા થાઓ. તો દિલ્હીના બાદશાહનું લશ્કર આવતું અટકે. તો દેશમાં શાંતિ થાય. લડાઈઓ બંધ પડે. લોકો શાંતિથી કામ કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્ને ભાઈઓને લાગ્યું કે વાત સાચી છે. કયાં સુધી ભાગ્યા કરવાનું ? એટલે એમણે ત્યાં એક રાજ સ્થાપ્યું. ત્યાં એટલે કયાં ?

ત્યાં એટલે તુંગભદ્રા નદીને કાંઠે. એ નદી દક્ષિણમાં છે. આ બે ભાઈઓએ ત્યાં એક મોટું શહેર વસાવ્યું. એ શહેરનું નામ વિજયનગર.

આ શહેર વસાવનાર આ બન્ને ભાઈઓ બહાદુર હતા. એક ભાઈનું નામ હરિહર. બીજાનું નામ બુક્કારાય. આ બન્યું આજથી છસો વર્ષ પહેલાં.

તુંગભદ્રા નદી મોટી. પાણી ઘણું. એટલે એકદમ કોઈ ઓળંગી શકે નહિ. માટે નગર ત્યાં સામે કાંઠે વસાવીને બન્ને ભાઈઓ રાજ કરવા મંડ્યા. હરિહર રાજા થયો. બુક્કારાય સેનાપતિ બન્યો. એમના ગુરુ માધવાચાર્યની યાદીમાં એક મોટું મંદિર બંધાવ્યું. હરિહરે સાત વર્ષ રાજ કર્યું. એ સાત વર્ષમાં એણે ધીમે ધીમે રાજને મજબૂત બનાવ્યું.

દક્ષિણના બધા નાના મોટા રાજાઓ ભેગા થયા. તો દેશની અંધાધુંધી અટકે. એવી વાત એણે ચલાવી. એણે એ મોટું કામ કર્યું.

ત્યાર પછી એનો ભાઈ ગાદીએ આવ્યો. તેણે છત્રીસ વર્ષ રાજ કર્યું. એટલે આ લાંબા સમયમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એણે મોટાભાઈની વાત આગળ ચલાવી. વિજયનગરનું રાજ બળવાન બન્યું. લોકોને શાંતિ વળી. હવે ગમે તે આવીને લૂટી જતા તે બંધ થયું !

બુક્કારાયે જૈન વૈષ્ણવના કજીયા મટાડ્યા. આગેવાનોને બોલાવ્યા. એકબીજાના હાથમાં હાથ મૂકાવ્યા. સંપીને રહેવાનું કહ્યું. પછી એનો બધે ઢંઢેરો પીટાવ્યો. આ વાતનો એક લેખ હજી મ્હૈસુરમાં છે. એના વખતમાં ઈરાનમાંથી એક મુસાફર આંહીં આવેલો. એનું નામ અબ્દુર રઝાક. એણે વિજયનગરની વાતો લખી રાખી છે.

આ વિજયનગરનું રાજ બહુ જ પ્રખ્યાત થયું. વિજયનગર શહેર પણ ઘણું મોટું થયું. બસો વર્ષ સુધી એ રાજ વધતું ગયું. વિજયનગરનાં આજ તો ખંડેર છે ! પણ એક વખત એ મોટું શહેર હતું.

એ સાઠ માઈલ ઓરસ ચોરસમાં વસ્યું હતું. એને ફરતા સાત તો કિલ્લા હતા. બાગ, બગીચા, અને ફૂલોનો ત્યાં પાર નહિ. ત્યાં એટલાં ગુલાબ થાય કે તમામ માણસ ગુલાબ વાપરે ! હીરા, માણેક, મોતીનાં બજારો.

આ વિજયનગર કેટલું સમૃદ્ધ હશે ? કહે છે કે મરઘીના ઈંડા જેવડો એક મોટો હીરો ત્યાં હતો ! વિજયનગરના રાજા પોતાના ઘોડાને એ પહેરાવતા હતા !

આજ તો એવડા મોટા નગરનાં ખંડેર પડયાં છે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કબીર

કબીરજી કાશી બનારસમાં થઈ ગયા. નાના હતા ત્યારથી જ એમને ભક્તિની ધૂન. કોઈને કોઈ સાધુસંતનો ઉપદેશ સાંભળ્યા જ કરે!

એક વખત એવું બન્યું કે એક રામાનંદ સ્વામીનો ઉપદેશ એણે સાંભળ્યો. એ ઉપદેશ એમના હૃદય સોંસરવો નીકળી ગયો. એમને લાગ્યું કે આ ગુરુજીની વાણી એ અમૃત વાણી છે. સાંભળીને એ પ્રમાણે વર્તવું જોઈએ તો ભગવાન પ્રસન્ન થાય!

એક વખત કબીરજી ઘાટ ઉપર સૂતા હતા. ગુરુ રામાનંદજી વહેલી સવારે નાહવા જાય. એમને ખબર નહિ ને એમનો પગ કબીરજી ઉપર પડ્યો. કબીરજી જાગી ગયા. અને સળવળી ઉઠ્યા. રામાનંદજી બોલી ઉઠ્યાઃ 'ભાઈ! રામ રામ કહો!'

કબીરજીએ આને જ ગુરુમંત્ર માની લીધો. અને પોતે રામાનંદજીના શિષ્ય બન્યા.

કબીરસાહેબનો ઉપદેશ ઘણો સરસ છે. એમના ઉપર હિંદુઓની પ્રીતિ હતી. અને એવી જ રીતે મુસલમાનોની પ્રીતિ પણ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ કે કબીરસાહેબ બન્નેને ઉપદેશ દેતા. બન્નેને કહેતા કે 'ભાઈઓ! તમે ઝગડા કરો નહિ. ઝગડા કરવાનું કોઈ ધર્મમાં લખ્યું નથી.'

કબીર સાહેબની પત્નીનું નામ લોઈ. એમને એક પુત્ર હતો. તેનું નામ કમાલ. એક પુત્રી હતી. તેનું નામ કમાલી.

કબીર કહે કમાલ કું, દો બાતે સીખ લે,
કર સાહબ કી બંદગી, ઔર ભૂખે કુ અન્ન દે!

એમણે ભક્તિને અને લોકસેવાને મુખ્ય માન્યાં છે. એમનું આખું કુટુંબ ભક્તિમાં જ તલ્લીન રહેતું. કબીર સાહેબે એવો ઉપદેશ આપ્યો કે જેથી હિંદુ મુસલમાનના ઝઘડા મટે. એ કહેતા કે ખુદાના દરબારમાં આપણે તમામ માણસો છીએ. ત્યાં કોઈ હિંદુ નથી. કોઈ મુસલમાન નથી. ધર્મ જુદા ભલે હોય. પણ માણસો ઝઘડવા બેસે એ ભગવાનને ગમતું નથી. ભગવાન આપણા હૃદયમાં બેઠો છે.

કબીર સાહેબ વણકર હતા. કાપડ વણવાનું કામ કરતા. તેમાંથી પોતાનું ગુજરાન ચલાવતા. કાપડ વણતાં વણતાં પણ ભજનોની ધૂન જગાવતા. એમનું એક પદ ઘણું પ્રસિદ્ધ છેઃ

'જીણી જીણી જીણી ચદરિયાં'

એમના ઉપદેશમાં માનનારા કબીરપંથી કહેવાય છે. પણ એમનો ઉપદેશ તો તમામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસો માટે છે. હિંદુ માટે છે. મુસલમાન માટે છે. તમામ માટે છે. કારણ કે એમાં તો સત્માર્ગની વાત છે. અને સત્માર્ગ એટલે કોઈને દુઃખ દેવું નહિ. અન્યાય કરવો નહિ. અનીતિ રાખવી નહિ. સત્ય બોલવું. સત્ય આચરવું. સત્યમાં જ જીવવું.'

આ ઉપદેશ તો બધા માણસ માટે છે.

કબીરજી વિષે એક દંતકથા ચાલે છે. એ મરણ પામ્યા ત્યારે એમને હિંદુ શિષ્યો હતા. તેમ જ મુસલમાન શિષ્યો પણ હતા. કબીરસાહેબે તો બન્નેને ઉપદેશ આપ્યો હતો. પણ એ બન્ને કબીરજીના શબ ઉપર ચાદર ઓઢાડીને ઝગડો કરી બેઠા ! ગુરુ ગયા ગોકળ ને પાછળ થઈ મોકળ, એના જેવી વાત થઈ. કબીરજીનો ઉપદેશ જ ભૂલી બેઠા !

પણ ચાદર ઉઘાડીને જૂએ છે તો કબીરજીના શબને બદલે ત્યાં ફૂલનો ઢગલો દેખાયો !

પછી એ ફૂલ બન્નેએ વહેંચી લીધા. આજ પણ મગહર ગામમાં એમનું સ્થાન છે. મગહર ગામ કાશીથી બાર માઈલ આવે છે.

એમની કવિતામાં સાખીઓ બહુ છે. કબીરજીની સાખી. એવી એક સાખી આ રહી:

સાચ બરાબર તપ નહિ, જૂઠ બરાબર પાપ.
જા કે દિલમેં સાંચ હૈ, તા દિલમેં હરિ આપ !

બરાબર છે. જેનું દિલ સાચું તેને ત્યાં ભગવાન !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનક

ગુરુ નાનક આજથી ચારસો વરસ ઉપર થઈ ગયા. તે વખતે દિલ્હીમાં અંધાધુંધી ચાલે. કોઈ મજબૂત રાજ નહિ. દેશમાં ઘણી અવ્યવસ્થા. કોઈને શાંતિ નહિ !

એમણે શીખ ધર્મ સ્થાપ્યો. એ પંજાબમાં જન્મ્યા હતા. નાનપણથી જ ગુરુ નાનકની બુદ્ધિ ઘણી જ સારી. છેક નાના હતા ત્યારથી જ એમનું મન ભગવાનમાં. એ કહેતા કે સૌથી મોટું ભણતર, ભગવાનનું નામ !

પણ માબાપને ચિંતા થાય. માબાપ જાણે કે ભણ્યા વિના કોણ નોકર રાખે ? એ વખતે ફારસી ભાષા બહુ ચાલે. દિલ્હીમાં બાદશાહ હતા. એટલે સૌ ફારસી ભણે !

એટલે એક મૌલવી પાસે ભણવા ગયા. આપણે ગુજરાતીમાં જેમ ક, ખ, ગ એમ અક્ષર છે તેમ ફારસીમાં અલેફ બે, તે, એમ છે. મૌલવીએ એ અક્ષર પાડી આપ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુ નાનકે કહ્યું: 'આ એક એક અક્ષરનો અર્થ શું ?'

અક્ષર ભેગા થાય ત્યારે શબ્દ બને. બ ળ દ. પણ 'બ' નો અર્થ કાંઈ નહિ. બ નો શું અર્થ ? એટલે માલવીએ કહ્યું એનો કાંઈ અર્થ ન મળે. છુટ્ટા અક્ષરનો કાંઈ અર્થ નહિ !

નાનક કહેઃ 'એમ હોય ? એનો પણ અર્થ છે. ' અલેફ્ અલ્લાનું નામ યાદ કર !'

નાનપણથી જ આ પ્રમાણે નાનકજીને જ્ઞાનની વાતો ગમે.

મોટી ઉમ્મર થતાં એમનું જ્ઞાન વધતું જ ગયું.

હિંદુ મુસલમાન લડતા ત્યારે એ કહેતા ભાઈઓ ! કોઈ હિંદુ નથી. કોઇ મુસલમાન નથી. બધા માણસ છે. ગુરુ નાનકે આખા દેશમાં મુસાફરી કરી. ઠેર ઠેર સાચી વાત સમજાવી. એના જેટલી મુસાફરી કોઈએ નહિ કરી હોય. એ છેક મક્કા મદીના ગયેલા !

દિલ્હીની ગાદી ઉપર બાદશાહ બાબર આવ્યો ત્યારે એ ગુરુજીને મળ્યો હતો. એને ગુરુજીએ ઉપદેશ આપ્યો હતો.

ગુરુ નાનક એક વખત ફરતા ફરતા એક શેઠને ત્યાં ગયા. એ શેઠનું નામ દુનીચંદ. દુનીચંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠના મકાન ઉપર ધજાઓ ફરફરે !

ગુરુ નાનકે પૂછયું કે આ ધજાઓ શેની છે ?

શેઠના મુનીમે જવાબ દીધોઃ ' એક એક ધજા, શેઠની મિલ્કતનો હિસાબ બતાવે છે. '

ગુરુએ કહ્યુંઃ ' એટલે શું ? '

મુનીમે કહ્યુંઃ ' એક ધજા એટલે એક લાખ રૂપિયા. જેટલી ધજા છે તેટલા લાખ રૂપિયા શેઠ પાસે છે ! '

એટલામાં શેઠ ત્યાં આવ્યા. ગુરુ નાનકે એક ઝીણી સોય કાઢી અને શેઠને કહ્યુંઃ ' શેઠજી ! આપ આ લાખો રૂપિયા સાચવો છો, તો મારી આ એક સોય પણ સાચવો. પરલોકમાં એ હું પાછી માગીશ ! '

શેઠે તો બેધ્યાનપણે એ લઈ લીધી. અને પછી પોતાની વહુને આપી. એને કહ્યું કે આ સોય આપણે ગુરુ નાનકને પાછી આપવાની છે. '

' કયારે ? '

શેઠને હવે વાત સાંભરી.

' ગુરુ નાનકે તો કહ્યું છે કે પરલોકમાં એ પાછી માગશે ! '

' પરલોકમાં ? ' શેઠાણીને નવાઈ લાગી. ' પરલોકમાં કોઈ ચીજ સાથે આવી શકે ? આંહીંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણી સાથે શું આવવાનું છે?'

પછી શેઠને ગુરુ નાનકે ઉપદેશ આપ્યો.

'એક નાનકડી સોય, તમે સૌગી લઈ જઈ શકતા નથી તો લાખો રૂપિયા શી રીતે લઈ જશો? માટે એ રૂપિયાનો સદુપયોગ કરો. તો એ તમને શાંતિ આપે. નહિતર તો તમારે દોડાદોડી થાય એટલું જ!'

ગુરુ નાનકે એક વાત બહુ સરસ કહી છે. કોઈ હિંદુ નથી. કોઈ મુસલમાન નથી. બધા માણસ છે. કોઈ ધર્મ, બીજા ધર્મની નિંદા માટે નથી.

નાનક ગુરુનો ઉપદેશ તો આજ પણ એવો જ કિમતી છે.

ગુરુનો ઉપદેશ છે. 'જેને શાંતિ જોઈતી હોય તેણે બીજાને શાંતિ આપવી. ધનનો સદુપયોગ કરવો. ધર્મને નામે માણસ માણસને મારે એવું કરવું નહિ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાબરનો પુત્ર પ્રેમ !

બાદશાહ બાબર કેવો જબરો હતો ! બે માણસને બે બલે બેસારીને દિલ્હી નગરીને ફરતો આંટો મારી આવે ! તે પણ એક વખત નહિ. છ વખત. અને ચાલતો ચાલતો નહિ, દોડતો ! એનું શરીર બહુ કસાયેલું !

જેવું બળવાન એનું શરીર એવું બળવાન એનું મન ! એ મનમાં ધારે કે આ કરવું છે, પછી એ કરે જ ! એમાં ભલે ગમે તેટલી મુશ્કેલીઓ આવે !

એ નાનકડો હતો ત્યારે એક ડોશીમા એને વાતો કહે. ડોશીમા ઘણાં વૃદ્ધ. સો વરસ વટાવી ગયેલાં. બાબરને કહેશેઃ 'તારા દાદાનો દાદો તો હિન્દુસ્તાન જીતવા ગયો હતો ! એનું નામ તૈમુર. તું પણ એવો થા. આંહીં આ નાનકડા રાજમાં શું બેઠો છે ?'

બાબરનો અર્થ સિંહ થાય છે. અને બાબર હતો પણ સિંહ જેવો. એટલે એને પણ હિંદુસ્તાન જીતવાનું મન થઈ આવ્યું. એ હિંદુસ્તાનમાં આવ્યો.

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંહીં જીત કરી. દિલ્હીની રાજગાદી લીધી. ત્યાંના બીજા મુસલમાન બાદશાહોને હરાવી દીધા.

પણ એ વખતે મેવાડમાં રાણો સંગ રાજ કરે. એને દિલ્હી જીતવાનું મન હતું. એટલામાં તો બાબરે એ જીતી લીધું. રાણા સંગની મનની વાત મનમાં રહી ગઇ. પછી એની અને બાબર વચ્ચે પણ લડાઈ થઈ.

એ વખતે બાબરને મુડી વચ્ચે સોપારી જેવું થયું. જો લડાઈ કરે તો સામે રાણો સંગ હતો. એ સંગ જેવો તેવો નહિ. એને લડાઈમાં હરાવવો મુશ્કેલ. એણે લડાઈમાં ને લડાઈમાં એક આંખ ખોઈ હતી. એક હાથ ખોયો હતો. એક પગ ખોયો હતો. શરીર ઉપર એંશી જખમ થયાં હતાં. પણ તો ય લડાઈનું નામ પડે કે રાણો સંગ સૌથી પહેલો !

આવા રાણા સંગની સામે બાબરને લડવાનું !

લડાઈના મેદાનમાં લશ્કર આવ્યાં. સામ સામા હાથી ઘોડાં પાયદળ ગોઠવાયાં. બાબરે જાણ્યું કે સામે તો જબરજસ્ત લશ્કર છે. એણે સૈનિકોને કહ્યું: 'આપણે હારવું પોસાય તેમ નથી. રાણો સંગ હારે તો એનો આ દેશ છે. આપણે હારીએ તો આપણો આ દેશ નથી. આપણો દેશ અફઘાનિસ્તાન. આપણે ત્યાં પહોંચી શકીએ નહિ. માટે મરણીયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈને લડો. અને દારૂ પીવાનું પાપ આપણે કરતા હતા. તે પાપ આજથી જ બંધ કરો. હવે કોઈ દારૂ પીતા નહિ. દારૂનું પાપ છોડો. પછી જીત આપણી છે !'

આ પ્રમાણે બાબરે દારૂ છોડી દીધો. એક જ દિવસમાં છોડી દીધો. તરત છોડી દીધો. એનું મન ઘણું મજબૂત હશે ! આ લડાઈમાં બાબર જીતી ગયો. રાણો સંગ હાર્યો.

બાબરનો સૌથી મોટો પુત્ર, એનું નામ હુમાયુ. હુમાયુ માંદો પડ્યો.

દવા ઘણી કરી. કામ ન આવ્યું. બીજા ઉપાય પણ કર્યા. બધા અફળ ગયા. એક ફકીર આવ્યો: તેણે કહ્યું: 'હે બાદશાહ ! તમને સૌથી વહાલી ચીજ હોય એ ખુદાને નામે આપો. ખુદા કરશે તો શાહજાદાને સારું થઈ જશે !'

બાબરે વિચાર કર્યો. પછી કહ્યું: 'સૌથી વહાલામાં વહાલી ચીજ આપવાની છે ?' ફકીરે કહ્યું: 'હા નામદાર ! સૌથી વહાલામાં વહાલી હોય તે આપો !'

બાદશાહે કહ્યું: 'સૌથી વહાલામાં વહાલી ચીજ મારો પ્રાણ ! માટે મારો પ્રાણ આપું !'

એમ કહીને એણે, માંદા શાહજાદાના પલંગને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાર વાર ફરતો આંટો માર્યો.

પછી ખુદાને ખરા દિલથી પ્રાર્થના કરી: 'હે ખુદા! મારો પ્રાણ લઈને પણ, મારા પુત્રને બચાવો!'

બન્યું એવું કે ત્યારથી શાહજાદો સાજો થતો ગયો. બાબર માંદો પડતો ગયો.

પિતાએ પુત્રને બાતર જીંદગી આપી.

આપણે તરબૂચ બાઈએ છીએ ને મજા કરીએ છીએ. ઉનાળામાં બહુ ઠંડક મળે ને બાવામાં મજા પડે!

એ તરબૂચનાં બી આંહીં લાવનાર, બાદશાહ બાબર!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અકબર બાદશાહ ને રાણો પ્રતાપ

બાદશાહ ને બીરબલની વાતો બહુ સરસ છે.

બાદશાહ કહેશેઃ 'બીરબલ ! લાખ વધારે કે વીશ ?' બીરબલ જવાબ આપેઃ' નામદાર ! વીશ !' એટલે વળી બાદશાહ ફરીને પૂછેઃ 'લાખ વધારે કે વીશ ?' બીરબલ પણ માથાનો. ફરીને કહેશેઃ 'નામદાર ! લાખ કરતાં વીશ વધારે.'

અને પછી બીરબલ ખુલાસો કરે. એક માણસ એક લાખ રૂપિયા કમાય. ને સવા લાખ રૂપિયા ખર્ચે. તો એની પાસે કાંઈ ન રહે. પણ વીસ કમાય. ને ઓગણીશ ખર્ચે તો ? એક રૂપિયો વધે ! માટે લાખ કરતાં, વીશ વધે !'

બાદશાહ બીરબલની આવી જે વાતો આવે છે, તેમાં જે બાદશાહ આવે છે, તે બાદશાહ અકબર !

અકબર બાદશાહ દિલ્હીનો બાદશાહ. ચારસો વરસ પહેલાં એ થઈ ગયો. એનો દાદો બાબર. એનો બાપ હુમાયુ. હુમાયુ મરણ પામ્યો ત્યારે એ નાનો. એનો એક વજીર રાજ સંભાળે. વજીરનું નામ બહેરામખાન. અકબરને ગાદીએ બેસતાં જ લડાઈ થઈ. એના બાપ હુમાયુએ તો દિલ્હીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાદી બેઈ હતી. ને પછી માંડમાંડ પાછી મેળવી હતી. એટલે એક હેમુ નામે સરદાર ચડી આવ્યો.

હેમુ હાર્યો. કેદ પકડાયો. એને અકબર પાસે લાવ્યા. વજીરે કહ્યું: 'બાદશાહ સલામત! એને હવે જીવતો ન રાખતા. બતમ કરો!'

અકબર ઉમ્મરમાં તો નાનો. પણ નાનો છતાં વાતને સમજે. એણે કહ્યું: 'ના. શત્રુ હારી ગયો. કેદ પકડાયો. હવે વેર પૂરું થયું. હવે હું એને મારવામાં માનતો નથી!'

આવો એ બાદશાહ. મનનો મોટો. એણે આખું હિંદ જીત્યું. જીતવાનું તો ઠીક, પણ જેને જેને જીત્યા, તેને મિત્ર બનાવ્યા. સૌને પ્રેમથી જીતી લીધા!

રાણો પ્રતાપ એના વખતમાં થઈ ગયો. એ એક એને નમ્યો નહિ. રાણો બહુ ટેકીલો. પ્રતાપ કહે દેશ છોડું, પણ હથિયાર ન છોડું. તમે તમારું રાજ કરો. હું મારું મેવાડનું રાજ કરું. તમે બાદશાહ, હું રાજા. એકબીજાને નમવાની વાત બોટી.

વાત વધી ગઈ. અકબર સૈન્ય લઈ ને મેવાડમાં ગયો. પ્રતાપને બહુ મુશ્કેલી પડી. બાવાપીવાના વાંધા પડે એવું થઈ ગયું. એ જંગલમાં રહે. ડુંગરામાં રખડે. બાદશાહના માણસો એને પકડવા મથે. બાવા બેઠા હોય ને બૂમ પડે: 'બાદશાહનાં માણસો આવે છે!' રાણો ઘોડા ઉપર ભાગે. રાણી ભાગે. કુમારો ભાગે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ કરતાં કરતાં એવો વખત આવી ગયો કે પ્રતાપ રાણાને મેવાડ છોડવું જ પડે! બીજો કાંઈ ઉપાય રહ્યો નહિ. એની પાસે ધન મળે નહિ. એની પાસે રાજ મળે નહિ. એની પાસે લશ્કર મળે નહિ. અકબર બાદશાહની સામે ટકવું શી રીતે? બાદશાહને શરણે જવા કરતાં, પ્રતાપરાણાએ દેશ છોડી દેવાનો વિચાર કર્યો.

રાણો પ્રતાપ ચાલી નીકળ્યો. જે કાંઈ થોડું બચ્યું હતું તે પોતાની સાથે લીધું. સિંધ દેશ તરફ જવા માટે એ નીકળ્યો.

રાણાજીએ અરવલ્લી પહાડ જોયો! જાણે મેવાડનું રક્ષણ કરનારો દરવાન હોય! પહાડ ઉપર પોતે ચડ્યા. બસ, હવે પહાડ ઓળંગે એટલે મેવાડ પાછળ મૂકી દીધું! પહાડની ટોચે જઈને, મેવાડ ઉપર એક છેલ્લી નજર કરી લેવા રાણોજી ત્યાં થોભ્યા. દૂર દૂર સુધી એમની દૃષ્ટિ ગઈ. ચિત્તોડગઢની દિશામાં નજર કરી. મેવાડને છોડતાં હૈયું ભરાઈ આવ્યું! આંખમાં આંસુ આવી ગયાં. પણ પોતાની ટેક સાંભરી. ટેક કાંઈ છોડાય? કઠણ હૈયું કરીને, બે હાથ જોડીને, પોતાની જન્મભૂમિને છેલ્લા પ્રણામ કર્યા! "હે મા! તેં મને જન્મ આપ્યો. તેં મને પાળ્યો. તેં મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનાજ આપ્યું. તેં મોટો કર્યો. આજ હું તને છોડી જાઉં છું તો માફ કરજે! ઈશ્વર પાછો લાવશે તો ફરીને તને જોવા આવીશ! હે મા!'

અરવલ્લીની ટોચેથી ઉતરવાની તૈયારી કરે છે, ત્યાં મેવાડ બાજુથી મારતે ઘોડે આવી રહેલાં માણસો નજરે પડયાં! 'કોણ હશે?'

થોડીવાર થઈ ને ઘોડેસવારો પાસે આવ્યા. જુએ છે તો મોખરે ભામાશા!

ભામાશા, ચિત્તોડના રાણાઓના એક વખતના પ્રધાન! હવે તો પ્રધાન રહ્યા ન હતા. પણ આજ ખબર પડી કે રાણાજી દેશ છોડે છે અને એ દોડતા આવ્યા હતા!

એ તો આવીને તરત રાણા પ્રતાપને પગે પડયાઃ 'રાણાજી! મેવાડ છોડો માં. ગઢ ચિત્તોડ છોડો માં. તમારા વિનાની ધરતી અમને ખાવા દોડશે! મારું વૃદ્ધનું વેણ માનો!'

'અરે! પણ ભામાશા! કાં ધરતી છોડવી પડે. કાં ટેક છોડવી પડે. ટેક છોડતાં કરતાં તો પ્રાણ છોડવા સારા!'

'પણ મહારાજ! હું દ્રવ્ય લાવ્યો છું. હું સોનામહોરોના ઢગલે ઢગલા લાવ્યો છું.'

મારું બધું ધન મહારાજને આપું છું. ફરીને મહારાજ! સૈન્ય ભેગું કરો. લડાઈની હાકલ કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરીને બાદશાહને દેશમાંથી કાઢો ! દેશને છોડી જાઓ માં મહારાજ !'

ભામાશાની આ દેશદાઝ જોઈને રાણા પ્રતાપની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં !

ભામાશા પોતાનું તમામ ધન લાવ્યા હતા ! સોનામહોરના ઢગલેઢગલા ત્યાં હાજર હતા !

ડુંગરાની એ ટોચ ઉપરથી ભામાશા તે દિવસે મહારાણાને દેશમાં પાછા લાવ્યા.

રાણાજીએ ફરીને હાકલ કરી. ફરીને સૈનિકો નીકળી પડ્યા. ફરીને યુદ્ધ થયાં. રાણોજી લડાઈ જીત્યા. ચિત્તોડગઢ સિવાય બધું જીતી લીધું. અકબર બાદશાહ પણ મોટા મનનો. રાણાજીની ટેક સમજી ગયો. પછી એને ન સતાવ્યા.

રાણા પ્રતાપની મરણવેળાની વાત છે. રાણોજી સૂતા છે. સૌ સામંતો ત્યાં ઊભા છે. રાજકુમારો આવ્યા છે. બધાના મોં પડી ગયાં છે. રાણોજી છેલ્લા શ્વાસ લઈ રહ્યા છે.

પણ રાણાજીનો જીવ કેમે જાતો નથી. રહી રહીને ચારે તરફ જુએ છે. મનમાં શાંતિ નથી. જાણે એમને કાંઈક કહેવાનું રહી જાય છે !

રાણાજી ઘડી બે ઘડીમાં તો ચાલ્યા જશે, ને એમનું કહેવાનું છે, તે મનમાં રહી જશે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ વિચારીને સૌથી મોટો સરદાર ચંદાવત એની પથારી પાસે આવ્યોઃ 'રાણાજી! તમારે અમને કાંઈ કહેવું છે?'

રાણાજીએ ચંદાવત સામે જોયું. પછી ધીમેથી બોલ્યાઃ 'ચંદાવતજી! તમને કયાં ખબર નથી? ચિત્તોડગઢ જીતવો રહી ગયો છે! દીકરો અમરસિંહ એ કામ કરી શકે તેમ નથી. મનમાં એનું દુઃખ છે! એટલી ટેક ભગવાને અધુરી રાખી દીધી છે! ચિત્તોડગઢ!'

ચંદાવતે કહ્યુંઃ 'રાણાજી! અમે ચિત્તોડ લેશું જ લેશું!'

રાણાજી બોલ્યાઃ 'શી રીતે? હવે કોણ ડુંગરામાં ભટકવા જાશે? બાદશાહ કાંઈ સહેલાઈથી ગઢ છોડી દેશે? અને મારા દીકરા અમરસિંહને તો મોજશોખ ગમે છે. લડાઈ હવે કોણ કરશે?'

સરદાર ચંદાવતે એ વખતે પ્રતિજ્ઞા લીધી. અને બધા સરદારોએ એમાં મોટેથી સાથ પૂરાવ્યોઃ બધાએ રાણાજીને કહ્યુંઃ 'જ્યાં સુધી ચિતોડગઢ પાછો ન મેળવીએ ત્યાં સુધી કોઈ મહેલ નહિ બાંધીએ. મોજ શોખ નહિ કરીએ.'

આ પ્રતિજ્ઞા સાંભળ્યા પછી રાણા પ્રતાપનો દેહ છૂટી ગયો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાજમહાલ

અકબર બાદશાહનો પુત્ર જહાંગીર. જહાંગીરનો પુત્ર શાહજહાન. એ દિલ્હીનો બાદશાહ. એની બેગમનું નામ મુમતાજમહાલ.

મુમતાજ મહાલને ભયંકર માંદગી આવી. મરણ નજીક છે એમ જાણીને એણે બાદશાહને બોલાવ્યો. બાદશાહના શોકનો કોઈ પાર નથી. તે વખતે બેગમે બાદશાહને કહ્યું : 'હે બાદશાહ! હું હવે, ઘડી બે ઘડીની મહેમાન છું. બોલ્યુંચાલ્યું માફ કરજો. પણ જતાં જતાં હું બે વેણ માગું છું તે પાળજો.' બાદશાહે રડતાં રડતાં કહ્યું : 'જે વેણ કહેશો તે પાળીશ. ખુશીથી બોલો.'

બેગમે કહ્યું : 'એક તો તમારે હવે પરણવું નહિ. કારણ કે નહિતર શાહજાદાઓ લડશે ને રાજ તૂટી પડશે.' બાદશાહે વાત કબુલ કરી. 'અને બીજું વેણ એ છે બાદશાહ! કે મારી કબર ઉપર તમારે એક સુંદર ઈમારત ઊભી કરવી. કચાંય ન હોય તેવી સુંદર!'

બાદશાહ શાહજહાને વચન આપ્યું. બેગમ મરણ પામી. પણ બેગમ ઉપર બાદશાહને અનહદ પ્રીતિ. એના શોકનો કોઈ પાર રહ્યો નહિ. એણે રાજકાજ છોડી દીધાં. મોજશોખ તજી દીધા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘડીએ–ઘડીએ બેગમ સાંભરે ને આંખમાં આંસુ આવે ! પછી બાદશાહે બેગમની યાદીમાં એક સુંદર રોજો બંધાવ્યો. એ તાજમહાલ. બેગમનું નામ મુમતાજ મહાલ. એટલે આ તાજમહાલ.

આ તાજમહાલ ખરેખર અદ્‌ભુત છે. એટલો સુંદર છે કે એને જાણે જોયા જ કરીએ ! એને બંધાવતાં બાર વરસ થયાં હતાં. આખો આરસનો બન્યો છે. એમાં વીશહજાર માણસો કામ કરતાં. ત્યારે એ બારવરસે પુરો થયો. બાદશાહે એમાં પાણીની પેઠે પૈસા વાપર્યા. એને બંધાવતાં નવ કરોડ રૂપિયાનું ખરચ થયું.

આ તાજમહાલને જોવા દેશપરદેશથી માણસો આવે છે. જોઈને છક્ક થઈ જાય છે ! આવી સુંદર રચના ?

કવિઓ એની કવિતા કરે છે. ચિતારાઓ એનાં ચિત્ર કાઢે છે. જોનારા એનાં વખાણ કર્યા કરે છે. એને બાંધ્યાં ત્રણસો વરસ થઈ ગયાં, પણ જાણે નવો ને નવો ! કોઈ કહેશે કાલે બાંધ્યો હશે !

બાદશાહને બેગમ ઉપર એવી પ્રીતિ. એની કબર ઉપર એણે સાચાં મોતીની ચાદર ઓઢાડી હતી ! તાજ જેવી સુંદર ઇમારત દુનિયામાં કયાંય મળે નહિ ! આગ્રા અને તાજમહાલ, સૌને એ નામ યાદ રહી ગયાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિવાજી

પુના પાસે સહ્યાદ્રિ પર્વત છે. એ પર્વતમાં એક કિલ્લો છે. એ કિલ્લાનું નામ શિવનેરનો કિલ્લો. શિવનેરના પહાડી કિલ્લામાં શિવા ભવાનીનું મંદિર છે. શિવાજીનો જન્મ શિવનેરમાં થયો. માએ એટલા માટે શિવાજી એવું નામ પાડ્યું. આ બન્યું આજથી ત્રણસો વર્ષ પહેલાં. તે વખતે દિલ્હીમાં શાહજહાન બાદશાહ રાજ કરે.

તાજમહેલનો બાંધનારો શાહજહાન બાદશાહ.

શિવાજીના પિતા શાહજી. માતા જીજાબાઈ. ગુરુ, દાદોજી કોંડદેવ.

શાહજીને તો નોકરી કરવાની. તે વખતે ત્યાં વિજાપુર ને ગોવળકોંડાનાં બે મોટાં રાજ હતાં. શાહજી વિજાપુરના બાદશાહને ત્યાં નોકરી કરે. બાદશાહનો એ મોટો સરદાર ગણાય. બાદશાહ માટે એ લડવા જાય. બાદશાહ એને જાગીર આપે. એટલા ગામનો એ નાનકડો રાજા.

શાહજીને એક બીજી રાણી હતી. જીજાબાઈની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે શાહજીને બહુ બને નહિ. એટલે એ પુનામાં રહે. પુનામાં શાહજીની જાગીર. દાદોજી કોંડદેવ પણ ત્યાં રહે. હિસાબ કિતાબ રાખે. દેખરેખ રાખે. શિવાજીને ભણાવે. રામાયણ મહાભારતની વાતો કરે. એ વાતો સાંભળતાં શિવાજી થાકે જ નહિ. એને એમ થાય કે કચારે હું મોટો થાઉં ને કચારે પરાક્રમ કરું. દાદોજી કોંડદેવ વાતો પણ એવી સરસ કરે. વળી પોતે બહુ જ સાચા. સત્યમાં ચળે નહિ. એક વખત એમને હાથે શાહજીના બગીચાનું ફળ તોડાઈ ગયું. તરત પોતે એ હાથને કાપી નાખવા જતા હતા! સૌએ સમજાવ્યા. પણ તો ય લોઢાની સાંકળ ગળે પહેરી! શિવાજીના આ ગુરુ, એવા સાચા! એમ કરતાં શિવાજી મોટો થયો. માણસ મોટો થાય, એટલે એક દુઃખ. નાનકડો હોય ત્યારે મજા. કાંઈ ખબર પડે નહિ. ખાય પીએ ને આનંદ કરે! રમે! પણ મોટો થાય એટલે જાણવાનું મન થાય. શિવાજીને પણ એમ જ થયું. પહેલું તો એને એમ થયું કે આપણે વળી નોકરી શી? આપણે કોઈકિ માટે લડવા જવું, એવું શું કરવા? આપણે જ રાજા ન થઈએ?

દાદોજી કોંડદેવે બધું શીખવાડયું તો હતું. એ તીર ફેંકી જાણે. તલવાર, ચલાવી જાણે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાલા, ગદા, બધું જાણે. ઘોડેસવારી જાણે. એટલે પોતાના જેવા પાંચ પચાસ ભેગા કર્યા. સૌનો પોતે સરદાર થયો. એક કિલ્લો જીતી આવ્યો. એ વખતે તો શિવાજીની ઉમ્મર પણ નાની. ભાગ્યે જ ઓગણીસ વર્ષની ! આ બધા જુવાનડા ખેતી કરે, લડાઈ પણ કરે. એ બધા માવળા કહેવાય. માવળ પ્રાંતના રહેવાશી માટે માવળા.

આ પ્રમાણે માવળાને ભેગા કરી. શિવાજી કિલ્લા જીતે. વિજાપુરના બાદશાહને એ ગમે નહિ. એણે શાહજીને કહ્યું: 'તમારા છોકરાને વારો. આવાં તોફાન ચાલે નહિ !'

દાદાજી કોંડદેવને પણ લાગ્યું કે આ સાહસ થાય છે બાદશાહી લશ્કર આવશે તો ભુક્કો નીકળી જશે. એણે શિવાજીને સમજાવ્યું. પણ શિવાજીને ગુરુની એ વાત ન ગમે ! પોતાનો બાપ બાદશાહનો નોકર હતો. પણ શિવાજીને નોકરીની વાત ગમે નહિ !

પછી તો બાદશાહનો સરદાર પકડવા આવ્યો. શિવાજીએ એને પણ હંફાવ્યો. આ પ્રમાણે શિવાજીએ ધીમે ધીમે જમાવટ કરી.

વિજાપુરના બાદશાહે નવી જુક્તિ કરી. એણે શાહજીને જ કેદમાં નાખ્યો. શિવાજીને લાગ્યું કે વાત વધી ગઈ. એ ચિંતામાં પડયો. હવે કાંઈ તોફાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા જાય તો આપનો જાન જોખમમાં આવે! એ વખતે દિલ્હીના બાદશાહનો એક શાહજાદો. એનું નામ મુરાદ. એ દક્ષિણનો સુબો. શિવાજીએ મુરાદને લખ્યું. મારા પિતાને છોડાવો. તો અમે તમારે ત્યાં આવીએ! મુરાદને એ ગમ્યું. આ બધા જો એને મદદ કરે તો એનું કામ થઈ જાય. પછી એ વિજાપુર ગોવળકોંડા બધું જીતી લ્યે! એણે બાદશાહને કાને વાત નાખી. બાદશાહે વિજાપુરના બાદશાહને લખ્યું. અને શાહજી કેદમાંથી છૂટ્યો!

આ પ્રમાણે બાપની જેલ ગઈ. એટલે શિવાજી પાછો જે કરતો હતો તે કરવા મંડ્યો: કિલ્લા લેવા, રાજ વધારવું, ને તોફાન કરવું.

વિજાપુરના બાદશાહને પણ ખાત્રી થઈ. શિવાજી બાપનું માને તેમ નથી. એણે એક સરદારને લડવા મોકલ્યો. એનું નામ અફઝલખાન.

અફઝલખાનનું સૈન્ય મોટું. બાર હજાર ઘોડેસવારનું એનું લશ્કર. સાથે કિલ્લો તોડવાની મોટી તોપો.

શિવાજીને ખબર પડી કે અફઝલખાન આવે છે. એની સાથે મોટું સૈન્ય છે. રસ્તામાં જે કાંઈ આવે તેનો નાશ કરે છે. મંદિરો પણ તોડે છે. એની સામે થવું મુશ્કેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અફઝલખાને એક યુક્તિ કરી. એણે શિવાજીને કહેવરાવ્યું કે મળવા આવો તો બચી જશો. એનો એક માણસ શિવાજી પાસે ગયો. શિવાજીનો એક માણસ અફઝલખાન પાસે ગયો.

એકબીજાની વચ્ચે સલાહશાંતિની વાતો ચાલી! પણ એમ વિશ્વાસે રહેવું એ ઠીક નહિ. વખતે દગો થાય તો?

એટલે શિવાજીએ એક બીજા માણસને અફઝલખાનના લશ્કરમાં મોકલ્યો. તે ફકીર બનીને ત્યાં ગયો. બધી વાત જાણી લાવ્યો. શિવાજીને જીવતો પકડવાની યુક્તિ ચાલી રહી હતી. એવા સમાચાર લઈ આવ્યો.

શિવાજીએ યુક્તિ સામે યુક્તિથી કામ લીધું. તેણે ખાનને કહેવરાવ્યું કે મારે લડાઈ કરવી નથી. પણ હું તમારે ત્યાં આવતાં ડરું છું. તમે આંહીં મારે ત્યાં પ્રતાપગઢ આવો. તો આપણે વાતો કરીએ.

અફઝલખાન આવ્યો. શિવાજીએ તળેટીમાં એક મંડપ તૈયાર કરાવ્યો. પછી શિવાજી પ્રતાપ-ગઢના કિલ્લા ઉપરથી નીચે ઉતર્યો. બન્ને ભેટ્યા. શિવાજીએ જાણ્યું કે ખાને મને ભેટતાં ભેટતાં બરાબર દબાવી દીધો છે. હમણાં ઘા મારી દેશે! એટલે શિવાજીએ એના પેટમાં વાઘનખ ખોસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીધા. વાઘનખ એટલે વાઘના નખ નહિ. પણ પાંચે આંગળી રહી શકે તેવું એક હથિયાર.

આ પ્રમાણે ખાન મરાયો કે તરત જ શિવાજીનું સૈન્ય પણ તૂટી પડયું.

વિજાપુરનું રાજ તો પછી નમાલું થઈ ગયું. ને દિલ્હીના બાદશાહે એ જીતી લીધું.

એ વખતે દિલ્હીમાં ઔરંગઝેબ બાદશાહ. એ શાહજહાનનો પુત્ર. એણે શિવાજીને દિલ્હીમાં બોલાવ્યો. બાદશાહનો સૌથી મોટો સરદાર જયપુરનો રાજા જયસિંહ. તેણે શિવાજીને કહ્યું કે તમે દિલ્હી જાઓ. તમારો વાળ વાંકો ન થાય. બાદશાહને પણ એણે લખ્યું. શિવાજી ત્યાં આવે છે. એને માનપાનથી જીતી લેવાની આ તક છે. બાદશાહની સાથે સંધિ થઈ જતી હોય તો સારું. એમ માનીને શિવાજી દિલ્હી ગયો.

પણ દરબારમાં તો શિવાજી મહારાજનો કોઈ એ ભાવ ન પૂછયો. જાણે કે એક સાધારણ સરદાર હોય તેટલું માન રાખ્યું!

શિવાજી મહારાજને આ અપમાન હાડોહાડ લાગી ગયું. પણ હવે શું થાય? બાદશાહે અપમાન તો કર્યું. અને નજરકેદ પણ આપી. એની રજા વિના હવે દિલ્હી છોડાય પણ નહિ! આ તો હાથે કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંજરામાં પડ્યા ! શિવાજી મહારાજની સાથે મોટો પુત્ર સંભાજી તેની ઉમ્મર નવ વર્ષની. એને લઈને ભાગવું પણ શી રીતે ? બંદોબસ્ત ભારે હતો.

શિવાજી મહારાજે યુક્તિ ગોઠવી. પોતે માંદા પડ્યાનો ઢોંગ કર્યો. હમેશાં મોટા મોટા ટોપલા ભરીને મીઠાઈ ગરીબગરબાંને વહેંચવા માંડ્યા. હમેશાં મીઠાઈના ટોપલા આવે. શિવાજી મહારાજ પાસે ટોપલા જાય. મહારાજ એને હાથ અડાડે. પછી એ ટોપલાની મીઠાઈ, સાધુ, ફકીર, ગરીબ, સૌને વહેંચવા માટે બહાર જાય. દરવાજે બેઠેલા દરવાનો એ ટોપલા તપાસે !

આવી રીતે મહારાજ શિવાજી દાન આપવા મંડ્યા. એમ ને એમ ઘણા દિવસ થયા. મંદવાડ વધતો ગયો. સૌને લાગ્યું કે વખતે શિવાજી મહારાજ કેદમાં જ મરી જશે ! પણ શિવાજી મહારાજની વાત મેળમાં હતી. પૂરી તૈયારી કર્યા વિના ભાગે તો પકડાઈ જાય. એટલે પૂરી તૈયારી રાખી.

એક દિવસ બે મોટા મજબૂત ટોપલા આવ્યા. દરવાજે બેઠેલા દરવાનોને લાગ્યું કે આ તો હવે હમેશનું થયું. હંમેશનું થયું. એમાં શું જોવું ? એટલે એ બે ટોપલા સવારમાં વહેલા અંદર ગયા. એ ટોપલા પછી બહાર આવ્યા. એકમાં મહારાજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિવાજી બેઠેલા. બીજામાં કુમાર સંભાજી બેઠેલો. ટોપલા દરવાજે આવ્યા. દરવાન તપાસે પછી બહાર જવાય. તે દિવસે દરવાને પણ, છેટેથી જ જવા માટે હાથ હલાવી દીધો ! ટોપલા બહાર નીકળી ગયા ! બન્નેમાં બાપ દીકરો બેઠેલા !

પણ આંહીં કેદખાનામાં મહારાજની પથારીનું શું થાય ? ત્યાં કોઈ સૂતું ન હોય તો તો તરત તપાસ થાય ! એટલે મહારાજનો એક નોકર હતો તે ત્યાં સૂતો. મહારાજના હાથમાં સોનાનું કડું હતું, તે જ એણે પહેરી લીધું હતું ! માથે ઓઢી રાખ્યું હતું. અને કડાવાળો હાથ બાટલામાંથી બહાર રાખ્યો હતો ! દરવાનને એમ લાગે કે હજી શિવાજી મહારાજ સૂતા છે !

શિવાજી મહારાજ ટોપલામાં બેસીને બહાર આવ્યા. ત્યાં એનો એક વિશ્વાસુ સરદાર હતો. પછી બાપ દીકરાએ સાધુનો વેષ પહેરી લીધો. બીજા પણ બે ત્રણ સાધુ બન્યા. બાદશાહના માણસો સીધે રસ્તે તપાસ કરવાના. એટલે એ લાંબે માર્ગે ગયા. પહેલાં કાશી તરફ ગયા ! અને પછી ત્યાંથી ફરતા ફરતા પુના પહોંચ્યા !

માતા જીજાબાઈને તો કાંઈ ખબર નહિ. પણ એક રાતે એક સંન્યાસી એમને મળવા આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંન્યાસી તો એમના પગમાં પડી ગયો !

ત્યારે સૌએ જાણ્યું કે શિવાજી મહારાજ પાછા આવ્યા છે !

આવા એ સાહસિક વીર હતા. તેણે રાજ સ્થાપ્યું. એને મજબૂત કર્યું. ન્યાયથી ચલાવ્યું.

આઠ પ્રધાનની મંડળી રાખી કે કામ બરાબર ચાલે ! શિવાજી મહારાજના 'પવાડા' આજ પણ ગવાય છે. ગુજરાતમાં મેઘાણીએ શિવાજી વિષે એક કવિતા લખી છે.

તે કવિતા વાંચવા જેવી છે !

શિવાજીને નિંદરું ના'વે
માતા જીજાબાઈ બાળ ઝુલાવે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુ ગોવિંદસિંહ

ગુરુ નાનકે શીખધર્મ ચલાવ્યો. એની ગાદીએ દસ ગુરુ થયા. દસમા ગુરુ ગુરુ ગોવિંદસિંહ. એ વખતે દિલ્હીમાં ઔરંગજેબ બાદશાહ. ઔરંગજેબ બાદશાહે ગુરુ તેગબહાદુરનો ઘાત કરાવ્યો હતો. તેગબહાદુર, ગુરુ ગોવિંદસિંહના પિતા. ગુરુ ગોવિંદસિંહ એ વખતે નાના. પણ એ વાત એનાથી ભૂલી ભૂલાય નહિ! ગુરુ ગોવિંદસિંહે શીખોને લડાઈની કલા શીખવાનું કહ્યું. એમને લાગ્યું કે તે વિના ટકાશે નહિ. પણ લડાઈ કરવી કાંઈ સહેલી નથી. એમાં તો મોત સાથે બાથ ભીડવાની. એમાં નિડરતા જોઈએ. ગુરુએ નિડરતા શીખવાડી. એક વખત એક મોટી સભા ભરાઈ હતી. ઠેર ઠેરથી માણસો ત્યાં આવ્યાં હતાં. ગુરુએ એ વખતે કહ્યું: 'પોતાનો જીવ આપનારા પાંચ માણસોનો ખપ પડ્યો છે. તમારામાંથી કોણ આગળ આવે છે?'

ગુરુનો શબ્દ સાંભળતાં જ પાંચ જણા તરત ઊભા થઈ ગયા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી ગુરુએ એમને 'પંજપ્યારા' કહીને એમને પોતાના વારસ ઠરાવ્યા. ત્યારથી શીખોને લડાયક તાલીમ વધુ ને વધુ મળતી ગઈ.

એક વખત ગુરુ બેઠા હતા ત્યાં એક માણસ આવ્યો. એ સિંધથી આવે. ગુરુને માટે બે કડાં ભેટ લાવેલો. કડાં બહુ જ કિમતી. સોનાનાં કડાં. અંદર રત્ન જડેલાં. પચાસ હજાર રૂપિયા એની કિમ્મત !

ગુરુને એણે એ ભેટ કર્યાં. પણ ગુરુએ ના પાડી. પેલાએ બહુ આગ્રહ કર્યો. એટલે એક કડું લઈને સતલજ નદીમાં ફેંકી દીધું ! પેલો માણસ તો જોઈ જ રહ્યો. પછી એણે કહ્યું: 'અરે ! ગુરુજી ! આ તો બહુ કિમતી વસ્તુ છે. મારી સાથે આ તરૈયો છે. કડું કયાં પડયું તે બતાવો. એટલે ગુરુએ બીજું કડું નદીમાં ફેંકતાં કહ્યું: 'એ ત્યાં પડેલ છે !'

ગુરુએ પછી એને સમજણ પાડી. સોનું નહિ, લોહું આપણા બપનું છે !

ગુરુના બે પુત્રો હતા. એકનું નામ ફત્તેસિંહ. બીજાનું નામ જોરાવરસિંહ. એ વખતે ગુરુને દિલ્હીના બાદશાહ સાથે લડાઈ ચાલે. સરહિંદ નામે ગામમાં આ બન્ને છોકરા પકડાઈ ગયા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરહિંદના સુબાએ એ બન્ને છોકરાને કહ્યું: 'તમારો ધર્મ તજી દો, તમને જીવતા રાખીશું. નહિતર જીવતા ભીંતમાં ચણી લેશું!'

ગુરુના બન્ને પુત્રોએ જવાબ વાળ્યો: 'દાદા તેગબહાદુરે ધર્મ ખાતર પ્રાણ આપ્યા હતા. અમે એના પુત્રો છીએ.'

બન્ને બાળકોએ ત્યાં પ્રાણ આપ્યા. જીવતા ચણાયા. પણ ધર્મ ન તજ્યો તે ન જ તજ્યો.

ગુરુના છેવટના દિવસો દક્ષિણમાં ગયા. ત્યાં નર્મદા કિનારે નાદેર ગામે તેમનું મૃત્યુ થયું. તેમના ઉપર હુમલો કરનારને તેમણે માફી આપી દીધી. શિષ્યોને કહ્યું: 'એને છોડી દો. જવા દો. મેં એના બાપને ખોટી રીતે માર્યો હતો. માટે એણે બરાબર વેર લીધું છે. હું મારા પિતાનું વેર લઈ શકયો નથી. આ બહાદુર, કે એણે પોતાના પિતાનું વેર લીધું છે!'

પછી એમણે કહ્યું: 'હવેથી શીખોનો ગુરુ આ ગ્રંથસાહેબ!'

ગુરુ ગોવિંદસિંહ આજથી અઢીસો વર્ષ ઉપર થઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામશાસ્ત્રી

મુંબઈથી દક્ષિણ તરફ જઈએ તો સહ્યાદ્રિ પર્વત આવે. ત્યાં પુના છે. પુનામાં માધવરાવ પેશ્વા રાજ કરે. આજથી બસો વર્ષ પહેલાં એ થઈ ગયા. એના એક ન્યાયાધીશ. એનું નામ રામશાસ્ત્રી. એ રાજાના ન્યાયાધીશ, એટલે એક રીતે એના નોકર. પણ સત્યના એવા પૂજારી કે રાજા પણ એનાથી ડરે! ન્યાયની વાત આવી કે રામશાસ્ત્રી નમતું ન મૂકે. રાજા હોય કે રંક. ન્યાયમાં પક્ષપાત નહિ!

એક વખત એ માધવરાવને મળવા ગયા. અગત્યનું કામ હતું. પણ પેશ્વા તો પૂજામાં બેઠા હતા. તેને મળ્યા નહિ. રામશાસ્ત્રી બીજી વખત ગયા, પણ પેશ્વાની પૂજા હજી પૂરી થઈ ન હતી!

એમ ને એમ આઠ દિવસ થઈ ગયા! રામશાસ્ત્રીએ વિચાર કર્યો. 'આ પૂજા કઈ જાતની? આખો દિવસ જો રાજા પૂજા કરશે, તો પછી રાજ કોણ ચલાવશે? પછી દુશ્મન સામે લડવા કોણ જશે રાજ ન કરે તેને રાજા કેમ કહેવાય?'

એણે તો બીજે દિવસે જ પેશ્વા સરકારને કહેવરાવ્યું. 'મહારાજ! તમારે જેને ન્યાયાધીશ નીમવો હોય તેને નીમો. આ મારું રાજીનામું!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેશ્વા માધવરાવ તરત જ હાર આવ્યાઃ 'અરે! શાસ્ત્રીજી! કેમ શું છે?'

રામશાસ્ત્રી બોલ્યાઃ 'સરકાર! તમને પૂજા-પાઠમાં પ્રીતિ હોય તો એ કરો. ચાલો, આપણે બન્ને સંન્યાસી થઈ જઈએ. અને ગંગા કિનારે જઈને વસીએ!'

'કેમ એવું શું છે શાસ્ત્રીજી?'

'મહારાજ! આપણી ચારે તરફ તો દુશ્મનો છે. લશ્કર તૈયાર કરવાં, કવાયત કરવી, રાજ સંભાળવું, એ બધું તો તમે છોડી દીધું છે. તમે તો માળા ફેરવો છો. તો પછી રૈયતનું શું થશે? રૈયત તમને પૈસા શેના આપે છે? દુશ્મન આવશે તો સામે કોણ જશે? તમે રાજા છો. તમારે પહેલું રાજ સંભાળવાનું છે. તમે રાજાનો ધર્મ છોડી દીધો છે. એવા રાજાનો હું ન્યાયાધીશ બનું? કદી નહિ. મારે પણ માળા ફેરવવી છે!'

માધવરાવ ડાહ્યો હતો. તે વાતને સમજી ગયો. પૂજા માળાના સમયે પૂજા કરવાની. પછી તો રાજનાં કામ કરવાં જોઈએ.

તેણે રામશાસ્ત્રીને કહ્યુંઃ 'શાસ્ત્રીજી! હવે એવું નહિ બને. બસ?'

અને ખરેખર, બીજે દિવસે સવારે, પૂજાપાઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહેલાં પતાવી, માધવરાવ, લશ્કરની કવાયત જોવા પહોંચી ગયો હતો !

માધવરાવ પેશ્વા મરણ પામ્યો. તેનો નાનો ભાઈ ગાદીએ આવ્યો. એને એના કાકા રાઘોબાએ મારી નખાવ્યો એમ કહેવાતું. કાકાને ગાદીનો લોભ થયો. પછી એક વખત આ રાઘોબા પેશ્વા સૈન્ય લઈને લડવા જાય !

શાસ્ત્રીજીને ખબર કે એના ઉપર ખૂનનો આરોપ છે. પોતે સૈન્યની આડે આવીને ઊભા. 'પેશ્વા સરકાર ! પહેલાં ન્યાયની અદાલતમાં આવો. જવાબ આપો. પછી લડવા ઉપડો !'

રાઘોબાએ કહ્યું: 'અરે ! હું તો રાજા છું. મારો ન્યાય કરનાર કોણ ?'

શાસ્ત્રીજી બોલ્યા: 'હું નગરનો ન્યાયાધીશ છું. ન્યાય કરનાર હું. રાજા હોય કે રંક, ગુનાનો ન્યાય થવો જોઈએ !'

પણ રાઘોબાએ તો એ વાત કાંઈ માની નહિ. એ તો લડવા ચાલ્યો ગયો.

શાસ્ત્રીજીએ તરત ન્યાયાધીશનો પોશાક ઉતારી નાખ્યો. પોતે સાદા બ્રાહ્મણ બની ગયા. એવા એ સાચા ન્યાયાધીશ ! એવી એની ટેક !

રામશાસ્ત્રી, તે રામશાસ્ત્રી. સત્યના જ પૂજારી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૈદરઅલ્લી !

એ મ્હૈસુરનો બાદશાહ. પહેલાં તો એ એક સાદો સિપાઇ હતો. એનો બાપ બિજાપુરમાં નોકર હતો. હૈદર પણ ત્યાં હતો. પછી એ મ્હૈસુરમાં આવ્યો. ત્યાં નોકર થયો. નાનો નોકર. ધીમે ધીમે આગળ વધ્યો. ફોજદાર થયો, સેનાપતિ થયો. અને મ્હૈસુરનો રાજા મરણ પામ્યો એટલે રાજા થઈ પડ્યો. એના વખતમાં અંગ્રેજ લોકો મદ્રાસમાં સત્તા જમાવે. હૈદરને થયું કે આ તો પરદેશી લોકો. આંહીં એ રાજ સ્થાપે તે ઠીક નહિં. હૈદરે મદ્રાસ ઉપર ચઢાઇ કરી. અંગ્રેજોને હરાવ્યા. એમની પાસેથી દંડ લીધો.

હૈદર બહુ ભણેલો ગણેલો નહિ. વાંચતાં પણ આવડે નહિ. પોતાની સહી પણ આવડે નહિ ! પણ લડાઇમાં બહુ હોશિયાર. મદ્રાસમાં તેણે મેળવેલી જીતનું એક રમુજી ચિત્ર એણે કરાવરાવ્યું હતું. એમાં અંગ્રેજ સરદારનું સુંઢ જેવું નાક હૈદરે પકડયું છે, અને એ ખેંચે છે, ત્યાં એમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીનીઓ ખરે છે !

પણ હૈદરના વખતમાં હૈદર એકલો બળવાન નહિ. પુનામાં પેશ્વા રાજ કરે. તેની સાથે હૈદરને લડાઇ. નિજામ સાથે પણ લડાઇ. આ બધાની લડાઈઓ ચાલ્યા કરે. એમાં અંગ્રેજ ફાવી ગયા.

હૈદર બહુ ચપળ. આજ ખબર પડે કે હૈદર અમુક ઠેકાણે છે, ત્યાં બીજે દિવસે તો એ કયાંય નીકળ્યો હોય ! એનું સૈન્ય પણ એવું.

હૈદરે નાનકડા સિપાઈમાંથી ચડતાં ચડતાં રાજ મેળવ્યું હતું. એ એની બહાદુરી. એનો દીકરો પણ એના જેવો બહાદુર હતો. એનું નામ ટીપુ. ટીપુ સુલતાનને પણ અંગ્રેજો સાથે લડાઈ થઈ હતી.

દક્ષિણમાં જે મહાપુરુષો થઇ ગયા તેમાં હૈદર ટીપુનાં નામ પણ ગણાય છે. ટીપુ સુલતાનને અંગ્રેજો મ્હૈસુરનો વાઘ કહેતા.

અને ખરેખર એ બન્ને બાપ દીકરા, સિંહ વાઘ જેવા બહાદુર હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝાંસીની રાણી–લક્ષ્મીબાઇ !

અંગ્રેજોની સત્તા આપણા દેશમાં થઈ. સૌ અંદર અંદર લડ્યા, એટલે અંગ્રેજો ફાવી ગયા. પણ ત્યાર પછી ૧૮૫૭માં દેશમાં એક મોટો બળવો ફાટી નીકળ્યો. એ બળવામાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈએ નામ કાઢ્યું. આજથી સો વરસ પહેલાંની આ વાત.

કાનપુર પાસે ઝાંસી આવ્યું. ત્યાં મરાઠાઓ રાજ કરે. છેલ્લો રાજા ગંગાધરરાવ થઈ ગયો. તેને દીકરો દીકરી કાંઈ મળે નહિ. મરતી વખતે એણે એક છોકરો દત્તક લીધો. એને એમ કે મારી પછી આ રાજા થશે. મારું નામ રહેશે. એ પુત્રનું નામ દામોદરરાવ.

પછી ગંગાધરરાવ તો મરણ પામ્યો. એની રાણી લક્ષ્મીબાઈના શોકનો પાર રહ્યો નહિ, પણ આ દત્તક દામોદરરાવને મોટો કરવામાં એ પોતાનું દુઃખ ભૂલવા માંડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ત્યાં તો અંગ્રેજ સરકારનો કાગળ આવ્યો. એ વખતે ડલહૌસી નામે ગવર્નર જનરલ. તેણે લખ્યું ઝાંસી ખાલસા થશે. અંગ્રેજનું રાજ થશે. દત્તક લીધેલો પુત્ર રાજા નહિ થાય ! રાણીને સાલીયાણું મળશે !

મહારાણી લક્ષ્મીબાઈને બહુ દુઃખ થયું. એનું મન ખાટું થઇ ગયું. એણે મોટા મોટા વકીલ કર્યા લખાણ કર્યાં. પોતે સાલીયાણું લેવાની ના પાડી. થાય તેટલું બધું કર્યું. પણ અંગ્રેજોની 'ના'ની 'હા' ન થઇ ! એમને ઝાંસી લેવું હતું. લક્ષ્મીબાઈને પોતાનું ઝાંસી જવા દેવું ન હતું.

એ વખતે અંગ્રેજોને દેશમાંથી કાઢી મૂકવાનો બળવો જાગ્યો. બળવો ઉપાડયો કાનપુરમાંથી નાનાસાહેબે. એ ને લક્ષ્મીબાઇ તો સાથે રમેલાં ! લક્ષ્મીબાઇએ પણ એ વખતે તરવાર કાઢી.

રાણીની ઉમ્મર વીશ જ વરસની. પણ ઘોડેસ્વારી એવી કરે કે સૌ જોઈ રહે. એની સામે તલવાર ખેલનારો તો મોત ભેગો થાય. એના રૂપનો પાર નહિ. એની ધીરજનો પાર નહિ. એની શૂરવીરતાનો પાર નહિ. રાણી તો જોતજોતામાં મોટા સૈન્યની સેનાપતિ થઈ ગઈ ! ઝાંસીમાંથી અંગ્રેજો ભાગ્યા. ઝાંસીમાં મહારાણી લક્ષ્મીબાઇનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જય જય પોકારાઈ ગયો ! પાછું એનું રાજ થઇ ગયું.

રાણી લક્ષ્મીબાઈ ઝાંસીમાં રાજ કરવા માંડી. સાંજે ત્રણ વાગે એ દરબારમાં આવે. પાયજામો પહેર્યો હોય, અંગરખો લગાવ્યો હોય, માથે સાફો શોભતો હોય, કમર બંધમાં તલવાર લટકતી હોય ! ગળામાં મોતીની માળા હોય. પોતે હુકમો લખાવે. ન્યાય કરે, ન્યાય અપાવે. બરાબર રાજ ચલાવે. સૈનિકો બધાને જાતે જુએ તપાસે.

આઠ દસ મહિના આ રાજ ચાલ્યું. અંગ્રેજો ઉપર એ વખતે ત્રણે તરફથી ધસારો—એટલે દસ મહિને ઝાંસી પાછું લેવા એક અંગ્રેજ સરદાર આવ્યો ! એનું નામ સર હ્યુ રોઝ.

મહારાણી લક્ષ્મીબાઈ હવે પોતાની ઝાંસી માટે મરવા તૈયાર થયાં. 'મેરી ઝાંસી નહિ દુંગી' એ એમનો જપ. લડાઈ ચાલી. તોપોનો મારો ચાલે. એ વખતે મહારાણી પોતે કિલ્લા ઉપર ઘૂમે. જ્યાં કિલ્લો તૂટે ત્યાં રાતોરાત કામ ચાલે. પોતે કામ ઉપર ઊભી રહે. એમ ને એમ આઠ દિવસ નીકળી ગયા. પણ આઠમે દિ કિલ્લો તૂટ્યો. અંગ્રેજો અંદર પેઠા. હાથો હાથની લડાઈ ચાલી. મહારાણી ઘોડા ઉપર સવાર થઇ. હાથમાં તલવાર લીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીકરા દામોદરરાવને ઘોડા ઉપર બેસારી પછવાડે બાંધી લીધો. અને અંગ્રેજ સેનાની સામે થઈને પોતે ચાલી નીકળી !

સેનામાંથી રસ્તો કાઢતી તે સોંસરવી નીકળી ગઇ. ઝાંસીમાં લડાઈ ચાલતી હતી.

રાણી લક્ષ્મીબાઇ કાલ્પી પહોંચ્યાં. ત્યાં તાત્યાટોપી નામે બળવાખોર પડયો હતો. એના લશ્કરમાં એ આવ્યાં. ત્યાં જુદ્ધ થયું. મહારાણી પોતે ત્યાં લડવા ઉપડયાં. સાથે એના અઢીસો સવાર અને સામે આખી અંગ્રેજ સેના !

આગ વરસાવતી તોપોની સામે મહારાણી ઉપડયાં ! પણ બળવાખોર સેના પાછી ભાગી. એટલે મહારાણીને પણ એની સાથે ભાગવું પડયું ! એમણે હવે ગ્વાલિયરનો કિલ્લો લેવાનો વિચાર કર્યો.

ગ્વાલિયરનો કિલ્લો એમણે જીતી લીધો. પાછળથી અંગ્રેજ લશ્કર ત્યાં પણ આવ્યું !

ત્યાં બળવાખોરો હાર્યા. મહારાણી લક્ષ્મીબાઇ ત્યાંથી પણ ઉપડયાં. સાંજનો વખત હતો ને એક ઘોડા ઉપર એ જઇ રહ્યાં હતાં. થોડા માણસો સાથે હતાં.

એમની પછવાડે સેના પડી. રસ્તામાં જુદ્ધ થયું. મહારાણી લક્ષ્મીબાઈ ત્યાં વીરતાપૂર્વક સામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોંએ લડયાં. વીજળી જેમ એની તલવાર ચાલી. કૈક ચોદ્ધાઓને એમણે ધૂળ ચાટતા કર્યા. રાણીને જખમ થયાં. લોહી નીકળ્યું. પણ મહારાણી લક્ષ્મીબાઈ તો છેવટ સુધી લડતાં જ રહ્યાં !

એવી રીતે આ બહાદુર રાણી, ત્યાં લડતાં લડતાં સામે મોંએ, વીરનું મૃત્યુ પામી !

કવિઓએ એની કવિતા ગાઈ.

ઘાયલ હોકર ગિરી સિંહની,
ઉસે વીર ગતિ માનીથી.
ખૂબ લડી મર્દાની વહ તો,
ઝાંસી વાલી રાની થી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાદાભાઈ નવરોજી !

અંગ્રેજોને કાઢવા માટે બળવો થયો હતો. પણ એમાં ભારતવાસીઓ હાર્યા. પછી અંગ્રેજોને કાઢવા માટે નવા પ્રકારનો બળવો શરૂ થયો. એમાં અંગ્રેજોને બતાવવાનું હતું કે તમને રાજ કરતાં આવડતું નથી. અમારા સારા માટે તમે રાજ કરતા નથી ! આવું બતાવનારાઓમાં સૌથી પહેલા દાદાભાઈ નવરોજી ! હિંદના એ દાદા કહેવાયા. એ મુંબઈમાં થઈ ગયા. ભણવામાં બહુ જ હોંશિયાર. પહેલાં પ્રોફેસર થયા. પછી વિલાયત વેપાર કરવા ગયા. ત્યાં વિલાયતમાં એમણે જોયું કે આ તો આંધળે બહેરું કૂટાય છે ! આંહીંના લોકો હિંદ ઉપર રાજ કરે છે, પણ હિંદ વિષે જાણતા કાંઈ નથી ! જાણ્યા વિના રાજ કરે, કેવી નવાઈની વાત ! પોતાને આવડે નહિ ને બીજાને ભણાવે એવી વાત થઈ !

દાદાભાઈએ લેખો લખ્યા. ભાષણો કર્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠેર ઠેર પોતે ફર્યા. હિંદના પ્રધાનને મળ્યા. ત્યાંની રાજસભામાં ચૂંટાયા. ત્યાં ભાષણ કર્યાં. પછી એ સ્વદેશ પાછા ફર્યા. એમણે આંહીં એક નવી વાત કહી. હિંદ દેશ ગરીબ છે. એનો પૈસો ઇંગ્લંડમાં ચાલ્યો જાય છે. આમ રાજ ન ચાલે. પછી તો હિંદીઓએ મહાસભા સ્થાપી હતી. તેના એ પ્રમુખ થયા. એ મહાસભાનું કામ દેશની આબાદી કરવાનું. મહાસભા તે જ કોંગ્રેસ. આ મહાસભામાં દાદાએ ઘણો આગળ પડતો ભાગ લીધો.

એમણે જીંદગીની છેલ્લી ઘડી સુધી દેશના ભલા માટે કામ કર્યા કર્યું. એટલે એ હિંદના દાદા કહેવાયા. ૯૧ વર્ષની ઉમ્મરે એ મરણ પામ્યા.

હિંદમાં એ એક મહાન પુરુષ થઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તિલક મહારાજ !

આજથી સાઠેક વર્ષ પહેલાં પુના નગરીમાં પ્લેગ આવ્યો. જેની પાસે પૈસા હતા તે બધા ભાગવા મંડ્યા. રોગની બીકથી નાસભાગ ચાલી. એ વખતે એક માણસે કહ્યું: 'આપણે નગર છોડવું નથી. નગર આપણું છે. આંહીં થશે તેવી સેવા કરીશું.' એમ કહીને દવાખાનું ખોલ્યું. અને લોકોને મદદ દેવાનું શરૂ કર્યું.

એ બહાદુર માણસ, તે લોકમાન્ય તિલક. 'તિલક મહારાજ કી જે !' એ અવાજ તો આખા હિંદને જાણીતો છે. એમનું આખું નામ બાલ ગંગાધર તિલક. 'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક્ક છે' એવું કહેનાર તિલક મહારાજ.

એ ભણ્યા. પાસ થયા. પછી એમણે પહેલાં નિશાળ કાઢી. પછી 'કેસરી' પત્ર કાઢ્યું. સરકાર સાથે આથડ્યા, જેલમાં ગયા. એ એવા મોટા વિદ્વાન કે અંગ્રેજ વિદ્વાનો પણ એનું નામ જાણે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેક્સમુલર નામે એક મોટો પંડિત. એ સંસ્કૃતનો પંડિત. એ તિલક મહારાજને ઓળખે. એમણે એને જેલમાં સગવડતા અપાવી હતી. તિલક મહારાજનાં પુસ્તકો એવાં. દેશ પરદેશ વખણાય. એમણે ગીતા ઉપર સરસ પુસ્તક લખ્યું છે. તિલક મહારાજ જુવાનોને ચડાવે છે એમ કહીને સરકારે એને છ વરસ કેદમાં મોકલ્યા હતા. દૂર દૂર રંગુનની પાસે રાખ્યા. પણ છ વરસે છુટીને આવ્યા કે તરત જ પાછા કામે વળગ્યા! એમનું એક વાકય હતું. નમવું નહિ, ભાગવું નહિ, સત્ય માટે લડવું. લડતું જ રહેવું. એ છેવટ સુધી લડતા રહ્યા. ગાંધીજીએ એમને 'લોકમાન્ય તિલક' કહ્યા. અને ખરેખર લોકમાં એમના નામ માટે ઘણી પ્રીતિ હતી.

મુંબઈ તો એની પાછળ ઘેલું હતું. દેશ એની પાછળ ઘેલો હતો. એવા એ તિલક મહારાજ થઈ ગયા. હમણાં જ થઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજી !

દાદાભાઈ નવરોજી. તિલક મહારાજ. પછી ગાંધીજી. દાદાભાઈએ કહ્યું: "અંગ્રેજોનું રાજ ખોટી રીતે ચાલે છે." તિલક મહારાજે કહ્યું: "આપણે ત્યાં આપણું જ રાજ હોય" ગાંધીજીએ કહ્યું "ત્યારે અંગ્રેજો હવે ભલે જતા !' અને આપણે ત્યાં સ્વરાજ આવ્યું.

ગાંધીજીનું નામ અમદાવાદ જાણે. હિંદુસ્તાન જાણે. આખી દુનિયા જાણે. એમની વાત અરેખર અદ્‌ભુત. ગાંધીજીનો જન્મ સારાષ્ટ્રમાં—પોરબંદરમાં. એ પોરબંદરમાં સુદામો થઇ ગયેલો. ગાંધીજીનું શરીર પણ સુદામા જેવું. અને એમની પણ ઝુંપડી !

એમનું આખું નામ મોહનદાસ કરમચંદ ગાંધી. એ ઈંગ્લેંડ જઇને બેરિસ્ટર થયા. પણ એમને વકીલાત કરવી ન ગમે સેવા ગમે. અહિંસા ગમે. એ દક્ષિણ આફ્રિકામાં ગયા. ત્યાં દેશી લોકોને સૌ ઉતરતા ગણે. ગાંધીજીને આમાં અન્યાય લાગ્યો. તરત લડત ઉપાડી. પણ એમની લડત નવાઈ જેવી. એમાં હથિયાર નહિ. લડવાનું સરકાર સામે, પણ તોપ ગોળા મળે નહિ. એમની તો લડાઈ જ સત્યના હથિયાર વડે. સરકારી ખોટા કાયદા તોડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેલમાં જાય. હજારો માણસો આ કામ માટે નીકળી પડે. આફ્રિકામાં એમ જ એ લડયા. ત્યાંની સરકાર હારી. પછી એ હિંદમાં આવ્યા. સાબરમતી નદીને કાંઠે આશ્રમ સ્થાપ્યો. આંહીંથી અંગ્રેજો સામે લડાઇ ઉપાડી. એને જેલમાં પૂર્યા. ગાંધીજીએ પછી 'અસહકાર' શરૂ કર્યો. સરકારનું કોઇ કામ કરવું નહિ. તે અસહકાર. અંગ્રેજ સરકારને છેવટે નમતું આપવું પડયું. તે પોતાના દેશમાં ગયા. આંહીનું રાજ આંહીંના લોકોને આપ્યું. સ્વરાજ આવ્યું.

ગાંધીજીને ચરખો વહાલો. ખાદી વહાલી સાદાઈ વહાલી. સત્ય વહાલું. પ્રાર્થના વહાલી. ગરીબની સેવા વહાલી. એમનો એક અચળ નિયમ. કોઈ મોટો નહિ, કોઇ નાનો નહિ. સૌ સરખા. કોઇની નિંદા નહિ. કોઈને કોઇ અન્યાય કરે નહિ. ગાંધીજી કહેતા આ મારું સ્વરાજ, આ મારું રામરાજ.

પણ આવા મહાપુરુષને હાથે કરીને ખોયા. ચાર પાંચ વરસ પહેલાં દિલ્હીમાં એક જણાએ એમને ગોળી મારી.

ગાંધીજી ગયા. પણ એમનાં વચન ? એ તો અમર છે. એ જ્યારે સાંભળો, ત્યારે જાણે ગાંધીજી જ સામે ઊભા છે ! એવાં એ વચન !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ધૂમકેતુ' ની 'ગુણાઢ્ય ગ્રંથમાલા'

[પ્રગટ થયેલી નાની મોટી કૃતિઓ]

તણખા મંડળ પહેલું	૩–૮	હેમચંદ્રાચાર્ય	૨–૮
તણખા મંડળ બીજું	૩–૦	વાચિનીદેવી	૪–૮
તણખા મંડળ ત્રીજું	૩–૦	ચૌલાદેવી	૪–૮
તણખા મંડળ ચોથું	૪–૦	રાજસંન્યાસી	૪–૮
પ્રદીપ	૩–૦	કર્ણાવતી	૪–૮
આકાશદીપ	૩–૦	રાજકન્યા	૪–૮
અવશેષ	૨–૮	જયસિંહ સિદ્ધરાજ	૪–૮
પરિશેષ	૩–૦	[અપ્રાપ્ય]	
ત્રિભેટો	૩–૦	,, ત્રિભુવનગંડ	૪–૮
અનામિકા	૩–૦	અવંતીનાથ સિદ્ધરાજ	૪–૮
વનછાયા	૩–૦	ગુર્જરેશ્વર કુમારપાળ	૪–૮
મલ્લિકા	૪–૮	રાજર્ષિ કુમારપાળ	૪–૮
જલબિંદુ	૩–૦	નાયિકાદેવી	૪–૮
મેઘબિન્દુ	૩–૦	ઇતિહાસદર્શન	૦–૮
તેજબિંદુ	૩–૦	જીવનપંથ	૪–૮
રાજમુગટ	૩–૦	પડઘા	૦–૧૨
પૃથ્વીરાજ	૩–૮	પડછાયા	૧–૪
અજિતા	૪–૮	વીર વનરાજ	૧–૦
પરાજય	૪–૮	એકલવ્ય	૦–૧૨
સર્જન ચિંતન	૨–૦	નેપોલિયન	૦–૮
પાતાયન	૨–૮	પરશુરામ	૦–૮
વનરેખા	૩–૦	હ્યુએનસંગ	૦–૮
પ્રતિબિંબ	૩–૦	ઉપનિષદ કથાઓ	૨–૦
રજકણ	૩–૦	જ્ઞાનગોષ્ઠિ	૧–૦
પદ્મરેણુ	૩–૦	વડને છાંયડે	૧–૮
ઠંડી કૂરતા (નાટકો)	૧–૮	બોધકથાઓ ૧–૨	૨–૦
પગદંડી	૩–૦	લોક રામાયણ ૧–૨	૩–૦
ધુમારબિન્દુ	૩–૦		

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

નવજીવન મુદ્રણાલય : અમદાવાદ